RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 292* Date: 19.08.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ડોનાલ્ડ ટ્રમ્પે જો બાઇડન પર નિશાન સાધ્યું, કહ્યું- અફઘાનિસ્તાન છોડવું એ અમેરિકી ઈતિહાસની સૌથી શરમજનક ઘટના

અફઘાનિસ્તાનથી અમેરિકી સૈન્ય પરત બોલાવવાના નિર્ણય મુદ્દે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે થયા હતા. તેમણે વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડન પર નિશાન સાધતા કહ્યું હતું કે અફઘાનિસ્તાનથી પરત ફરવું એ અમેરિકી ઈતિહાસની સૌથી શરમજનક ઘટના છે.આની પહેલા બાઈડને સોમવારે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાલિબાન સાથે કરાયેલી ડીલ તેમને વારસામાં મળી છે. આ ડીલની વાસ્તવિકતા એ હતી કે ૧ મે પછી અફઘાનિસ્તાનમાં સીઝફાયર અથવા અમેરિકી સેનાની સુરક્ષા માટે કોઈપણ પ્રકારના સમાધાનનો ઉલ્લેખ કરાયો નહતો. હઝારા સમુદાયના નેતાનું સ્ટેચ્યું વિસ્ફોટકોથી ઉડાવ્યું: અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન શરૂ થયા પછી ત્યાં તબાહીના દ્રશ્યો સામે આવવા લાગ્યા છે.

તાલિબાને બામિયાનમાં હઝારા સમુદાયના નેતા અબ્દુલ અલી મઝારીનું સ્ટેચ્યૂ વિસ્ફોટકોથી ઉડાવી દીધું છે. આ સમગ્ર ઘટના અંગે હ્યૂમન રાઈટ્સ એક્ટિવિસ્ટ સલીમ જાવેદે શેર કરી છે. તમને જણાવી દઈએ કે આ એ જ સ્થળ છે જ્યાં તાલિબાને ૨૦ વર્ષ પહેલા બુદ્ધની પ્રતિમાઓને વિસ્ફોટકોથી ઉડાવી દીધી હતી.કોણ હતા અબ્દુલ અલી મઝારી:મઝારી હઝારા સુમદાયની હિઝ્‌બ-એ-વહદત પાર્ટીના નેતા હતા. તાલિબાને ૧૯૯૫મા તેમની હત્યા કરી હતી. છેલ્લા ઘણા વર્ષોથી તાલિબાનીઓ હઝારા સમુદાયને નિશાન બનાવતું રહ્યું છે. અફઘાનિસ્તાનની કુલ ૩.૬૦ કરોડ વસતિનો ૯% ભાગ હઝારા સમુદાયનો છે, પરંતુ આ અલ્પસંખ્યકોને રક્ષણ આપવાની જગ્યાએ ત્યાંના કેટલાક અસામાજિક તત્વો એમને હેરાન કરતા રહે છે. બામિયાનમાં મોટાભાગે હઝારા શિયા મુસ્લિમ રહે છે. જેથી તે મુસ્લિમ કટ્ટરપંથિઓના નિશાન પર રહે છે. મહિલા ન્યૂઝ એંકર્સ પર પ્રતિબંધ: તાલિબાને અફઘાનિસ્તાનમાં મહિલા ન્યૂઝ એંકર્સ પર પ્રતિબંધ લાદ્યો છે. મહત્ત્વપૂર્ણ વાત એ રહી કે છેલ્લા ૨૪ કલાક પહેલાં એક બાજુ તાલિબાને મહિલાઓને સ્વતંત્રતા આપવાનો દાવો કર્યો હતો અને બીજી બાજુ, આ પ્રમાણે નિર્ણય લીધો છે. તાલિબાને મંગળવારે જ કહ્યું હતું કે તે મહિલાઓ પર દબાણ નહીં બનાવે, આની સાથે જ સરકારમાં સામેલ કરવાની અપીલ પણ કરી હતી. સલિમા નઝારીએ તાલિબાન વિરુદ્ધ લડત આપવા ૬૦૦ લોકોનું સૈન્ય તૈયાર કર્યું છે: ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)ના પ્રવક્તા સજ્જાદ નોમાનીનું તાલિબાન અંગે ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. નોમાનીએ તાલિબાનને અભિનંદન પાઠવ્યા હતા. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજાને યોગ્ય ગણાવતા તેમણે કહ્યું છે કે હિન્દી મુસ્લિમ તાલિબાનને સલામ કરે છે.બ્રિટને કહ્યું છે કે તે ૨૦,૦૦૦ અફઘાન શરણાર્થીઓના પુનર્વસનની વ્યવસ્થા કરશે, જેમાં ધાર્મિક આધાર પર મહિલાઓ અને લઘુમતીઓને પ્રાથમિકતા આપવામાં આવશે.સંયુક્ત રાષ્ટ્રની માનવાધિકાર પરિષદે અફઘાનિસ્તાનની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે ૨૪ ઓગસ્ટે એક ખાસ સેશનનું આયોજન કર્યું છે. મુલ્લા બરાદર અખુંદ રાષ્ટ્રપતિ બને એવી સંભાવના:અફઘાનિસ્તાનમાં હવે તાલિબાન સરકાર બનવાની તૈયારીમાં છે.

આ ચરમપંથી સંગઠનના સહ-સંસ્થાપક અને રાજનૈતિક પ્રમુખ મુલ્લા બરાદર અખુંદ દોહાથી કંદહાર પરત ફર્યા છે. તાલિબાનના શાસનમાં તે અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ તરીકે ફરજ બજાવી શકે છે.બીજી બાજુ, ભારત અને અમેરિકા પોત-પોતાના લોકોને કાબુલથી બહાર કાઢવામાં કાર્યરત છે. એવામાં અમેરિકી સેનાએ અફઘાનિસ્તાનથી મંગળવારે ૧૩ ફ્લાઈટ્સ દ્વારા પોતાના ૧૧૦૦ લોકોને એરલિફ્ટ કર્યા હતા. આની સાથે જ અમેરિકાએ અત્યારસુધી કુલ ૩૨૦૦ લોકોને ત્યાંથી બહાર કાઢ્યા છે.તાલિબાનનો દાવો - અફઘાન ભૂમિનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ નહીં થવા દઈએ: અફઘાનિસ્તાન પર કબજો કર્યા બાદ તાલિબાન પ્રવક્તા અને તાલિબાન કલ્ચર કાઉન્સિલના વડા ઝબીઉલ્લાહ મુજાહિદ મંગળવારે પ્રથમ વખત વિશ્વ સમક્ષ હાજર થયા હતા. ઝબીઉલ્લાહે એક પત્રકાર પરિષદ યોજીને તાલિબાન શાસન માટેનો રોડમેપ રજૂ કર્યો અને કહ્યું, 'અમે કોઈ પ્રત્યે દ્વેષ નહી રાખીએ. અમને બાહ્ય કે આંતરિક દુશ્મનો નથી જોઈતા. આની સાથે જ તેમણે કહ્યું હતું કે અફઘાનિસ્તાનની ભૂમિનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ કરાશે નહીં.અમરુલ્લા સાલેહે પોતાને અફઘાનિસ્તાનનો રાષ્ટ્રપતિ જાહેર કર્યો: એક તરફ, અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન પ્રસ્થાપિત થઈ રહ્યું છે. એવામાં ઉપ-રાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહે પોતાને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ જાહેર કરી દીધા છે. ×રાષ્ટ્રપતિ અશરફ ગની દેશની બહાર છે, તેથી જ બંધારણ મુજબ હવે હું રાષ્ટ્રપતિ છું. હું દરેકને સમર્થન આપવા માટે અપીલ કરું છું.તાલિબાનની રાજધાની કાબુલ પર કબજો કર્યા બાદ રાષ્ટ્રપતિ અશરફ ગનીએ ત્રણ દિવસ પહેલાં દેશ છોડી દીધો હતો. ત્યારે એવી અટકળો હતી કે ઉપ-રાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહ પણ તેમની સાથે અફઘાનિસ્તાન છોડી ગયા હતા, પરંતુ સાલેહ અંગે કહેવાઈ રહ્યું છે કે તે હાલમાં



પંજશીરમાં છે, જ્યાં તેઓ તાલિબાન સામે આગળની રણનીતિ તૈયાર કરી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ સર્જાયેલી પરિસ્થિતિ અંગે મંગળવારે સુરક્ષા મુદ્દે કેબિનેટ સમિતિ (CCS)ની બેઠક યોજી હતી. આ સમિતિ રાષ્ટ્રીય સુરક્ષાની બાબતોનું ધ્યાન રાખતી સૌથી મોટી સરકારી સંસ્થા છે. બેઠક દરમિયાન વડાપ્રધાને અફઘાનિસ્તાન સાથે જોડાયેલા અધિકારીઓને આગામી દિવસોમાં ત્યાંથી ભારતીયોની સલામત પરત લાવવા માટે તમામ જરૂરી પગલાં લેવા જણાવ્યું હતું.એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને કહ્યું હતું કે ભારતે માત્ર તેના લોકોની રક્ષા કરવી જોઈએ, પણ આપણે ભારતમાં આવવા માગતા શીખ અને હિન્દુ લઘુમતીઓને પણ આશ્રય આપવો જોઈએ. આપણે આપણાં અફઘાન ભાઈઓ અને બહેનોને પણ શક્ય તમામ મદદ આપવી જોઈએ, જેઓ ભારત પાસે અપેક્ષા રાખે છે.કાબુલથી ૧૫૦ ભારતીયો સ્વદેશ પરત ફર્યા : એરફોર્સ ગ્લોબમાસ્ટર મંગળવારે અફઘાનિસ્તાનમાં ભારતના રાજદૂત રુરેન્દ્ર ટંડન સહિત ૧૫૦ લોકોને લઈને દિલ્હીના હિન્ડન એરબેઝ પર પહોંચ્યા હતા. અહીંથી લોકોને બસ અને અન્ય વાહનો દ્વારા તેમના ઘરે મોકલવામાં આવ્યા હતા. ત્યારે એરબેઝની બહાર હાજર લોકો ભાવુક થઈ જતાં તેમણે જય શ્રીરામના નારા પણ લગાવ્યા હતા.ન્યૂઝ એજન્સી છદ્વેંનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાનમાં ફસાયેલા બાકીના ભારતીયો પણ સુરક્ષિત વિસ્તારમાં છે અને તેમને પણ એક-બે દિવસમાં એરલિફ્ટ કરાશે.

## ભારતમા એક જ દિવસમાં કોરોનાના ૩૫ હજારથી વધારે કેસ, ૪૪૦ લોકોના મોત

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં બુધવારે કોરોનાના કેસમાં ૧૦ હજારથી વધારેની વૃદ્ધિ નોંધાઈ જેના કારણે સામાન્ય નાગરિકો ઉપરાંત સરકારની ચિંતામાં પણ વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૧૭૮ નવા કેસ સામે આવ્યા અને ૪૪૦ લોકોના મોત થયા. તે સિવાય ૩૭,૧૬૯ લોકો સ્વસ્થ થઈને ઘરે પાછા ફર્યા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૬૭,૪૧૫ થઈ ગઈ છે. સાથે જ દેશના કુલ મૃતકઆંકની વાત કરીએ તો તે ૪,૩૨,૫૧૯ થયો છે. અત્યાર સુધીમાં કુલ ૩,૧૪,૮૫,૯૨૩ લોકો સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસ વેક્સિનના ૫૫,૦૫,૦૭૫ ડોઝ આપવામાં આવ્યા અને તે સાથે જ કુલ વેક્સિનેશનનો આંકડો ૫૬,૦૬,૫૨,૦૩૦ થઈ ગયો છે.

મંગળવારે ૨૫,૧૬૬ નવા કેસ, ૪૩૭ના મોત

મંગળવારે ૫ મહિના બાદ કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા હતા. દેશમાં મંગળવારે છેલ્લા ૨૪ કલાકના ૨૫,૧૬૬ નવા કેસ નોંધાયા હતા અને ૪૩૭ લોકોના મોત થયા હતા. ૩૬,૮૩૦ લોકો કોરોનાને માત આપીને સાજા થયા હતા.

## કોંગ્રેસ નેતા શશિ થરૂરને મળી મોટી રાહત, કોર્ટે કર્યા આરોપમુક્ત



નવી દિલ્હી તા. ૧૮

કોંગ્રેસ (Congress) ના સાંસદ શશિ થરૂરની પત્ની સુનંદા પુષ્કરના મોત કેસમાં દિલ્હી કોર્ટે શશિ થરૂરને મોટી રાહત આપી છે. દિલ્હીની રાઉજ એવન્યુ કોર્ટે સુનંદા પુષ્કરના મોત સંલગ્ન તમામ આરોપોમાંથી શશિ થરૂરને આરોપમુક્ત કર્યા છે. કોર્ટમાંથી રાહત મળ્યા બાદ શશિ થરૂરે કોર્ટનો આભાર માન્યો અને કહ્યું કે ૭ વર્ષથી આ ટોર્ચર અને દર્દમાંથી પસાર થઈ રહ્યો હતો. સુનંદા પુષ્કરનું મોત ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ દિલ્હીની એક ફાઈવ સ્ટાર હોટલમાં થઈ હતી. આ મામલે શશિ થરૂર મુખ્ય આરોપી હતા અને દિલ્હી પોલીસે તેમના વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. આ મામલે દિલ્હી પોલીસે શશિ થરૂર વિરુદ્ધ કલમ ૩૦૬ (આત્મહત્યા માટે ઉક્સાવવું) , ૪૯૮એ (ક્રુરતા) હેઠળ કેસ દાખલ કર્યો હતો. સુનંદા પુષ્કરના મોત મામલે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ એમ્સ મેડિકલ બોર્ડે મૃતદેહનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ દિલ્હી પોલીસને સોંપી દીધો હતો. રિપોર્ટમાં કહેવાયું હતું કે સુનંદા પુષ્કરનું મોત ઝેરના કારણે થયું છે.

બોર્ડે કહ્યું હતું કે આ એવું રસાયણ છે કે જે પેટમાં જાય કે લોહીમાં ભળ્યા બાદ ઝેર બની જાય છે. પાકિસ્તાની પત્રકારનું પણ નામ સામે આવ્યું સુનંદા પુષ્કરના મોત કેસમાં પાકિસ્તાની પત્રકાર મેહર તરારનું નામ પણ સામે આવ્યું હતું. અત્રે જણાવવાનું કે પોતાના મોતના થોડા દિવસ પહેલા સુનંદા પુષ્કરે મેહર તરાર પર શશિ થરૂરને પ્રેમ જાળમાં ફસાવવાનો આરોપ લગાવ્યો હતો અને બંને વચ્ચેની અનેક પર્સનલ ટાઈપની ટ્વીટ સાર્વજનિક કરી હતી. ત્યારબાદ ટ્વિટર પર જ બંને વચ્ચે શાબ્દિક ટપાટપી પણ થઈ હતી.

## સુપ્રીમ કોર્ટના નવા જસ્ટિસ માટે ૯ નામોનું લિસ્ટ તૈયાર ગુજરાતના ૨ નામ સામેલ



સુપ્રીમ કોર્ટના જજ તરીકે માટે નવ નામની ભલામણ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ (સુપ્રીમ કોર્ટ) ની કોલેજીયમે નવ નામની ભલામણ કરી છે. જે ભલામણ કરવામાં આવી છે તેમાં ત્રણ મહિલા જજનો સમાવેશ થયો છે. જે ગુજરાતથી બે જસ્ટિસના નામની ભલામણ થઈ છે. આ યાદીમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથનું નામ પણ સામેલ છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બેલા ત્રિવેદીનું નામ સામેલ છે. મહિલા જજમાં કર્ણાટક હાઈકોર્ટના બીવી નાહરત્ના અને તેલંગાણાના હિમા કોહલીનો સમાવેશ થયો છે. તો જસ્ટિસ બી.વી નાગરથના ૨૦૨૭ ભારતના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ બનશે. સીજેઆઈ એનવી રમનાના નેતૃત્વવાળા કોલેજિયમ બોર્ડે સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિ માટે ૯ નવા જજના નામની ભલામણ કરી છે. આ નામોમાં ત્રણ મહિલા જજ પણ સામેલ છે. જેમાં જસ્ટિસ બીવી નાગરત્ના, જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ બેલા ત્રિવેદીનું નામ પણ સામેલ છે. હાલ જસ્ટિસ બીવી નાગરત્ના કર્ણાટક હાઈકોર્ટમાં, જસ્ટિસ હિમા કોહલી તેલંગાના હાઈકોર્ટમાં અને જસ્ટિસ બેલા ત્રિવેદી ગુજરાત હાઈકોર્ટમાં જજ છે. પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ નવેમ્બર ૨૦૧૯ માં નિવૃત્ત થયા બાદથી કોલેજિયમમાં કેન્દ્ર સરકારે નિયુક્તિ માટે એક પણ નામની ભલામણ મોકલી ન હતી. ન્યાયમૂર્તિ નરીમનના ૧૨ ઓગસ્ટના રોજ સેવા નિવૃત્ત થયા બાદથી સુપ્રીમ કોર્ટમાં ૯ જજની જગ્યા ખાલી હતી. પરંતુ આજે ૧૮ ઓગસ્ટે ન્યાયમૂર્તિ નવીન સિન્હા પણ સેવાનિવૃત્ત થઈ જશે. જેના બાદ ૧૦ લોકોની જગ્યા સુપ્રીમ કોર્ટમાં ખાલી થઈ જશે.ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી સુપ્રીમ કોર્ટમાં એક મહિલા સીજેઆઈની માંગ ઉઠતી રહી છે. પૂર્વ ચીફ જસ્ટિસ એસએ બોબડેએ પોતાના રિટાયર્ડમેન્ટ પહેલા કહ્યું હતું કે, ભારતમાં લાંબા સમયથી એક મહિલા ચીફ જસ્ટિસ નિયુક્ત થવાનો સમય આવી ગયો છે. ગત એપ્રિલ મહિનામાં આયોજિત એક કાર્યક્રમમાં એસએ બોબડેએ કહ્યું કે, આપણા માટે મહિલાઓનું હિત સર્વોપરી છે. આપણે તેને વધુ સારી રીતે લાગુ કરી શકીએ છીએ. આપણને માત્ર સારા ઉમેદવારની રાહ છે.

## મોદીએ કહ્યું- અફઘાનિસ્તાનના હિંદુ અને શીખ નાગરિકોને ભારતમાં આશરો આપીશું

નવી દિલ્હી તા. ૧૮

અફઘાનિસ્તાનની સ્થિતિને લઈને PM નિવાસ સ્થાને મંગળવારે બેઠક મળી, જેમાં વડાપ્રધાન મોદીએ અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને સકુશલ પરત કરવાના સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ PM મોદીએ કહ્યું કે ભારત આવતા દરેક અલ્પસંખ્યકની મદદ કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ બેઠકમાં ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને NSA અજીત ડોભાલ ઉપસ્થિત રહ્યાં હતા.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડાપ્રધાન મોદીએ બેઠકમાં તમામ સંબંધિત અધિકારીઓને આગામી દિવસોમાં અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવા માટે તમામ આવશ્યક ઉપાય કરવાના નિર્દેશ આપ્યા છે.એક વરિષ્ઠ અધિકારી મુજબ વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું છે કે ભારતને માત્ર પોતાના નાગરિકોની રક્ષા કરવી જોઈએ, પરંતુ અમે તે શીખ અને હિંદુ અલ્પસંખ્યકોને પણ આશરો આપશે જે ભારત આવવા માગે છે, અને અમે દરેક સંભવ મદદની પ્રદાન કરવી જોઈએ. મદદ માટે ભારત તરફ જોતા આપણાં અફઘાન ભાઈઓ અને બહેનોની મદદ કરવી જોઈએ.નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પણ આ બેઠકમાં ઉપસ્થિત છે. NSA અજીત ડોભાલ દ્વારા અફઘાનિસ્તાનની સ્થિતિ મુદ્દે રજૂઆત કરવામાં આવી રહી છે. આ બેઠકમાં પ્રાદેશિક રાજકારણ, રાજદ્વારી સ્થિતિ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે.રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે એક નિવેદનમાં કહ્યું છે કે તમામ મહત્વના દેશો સાથે સતત સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૨૩
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૮૨૫૨૩૬
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૬
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૮૧૪૯૭૨

# તંત્રી સ્થાનેથી...

## રાજકારણનું અપરાધીકરણ રોકવા રાજકીય પક્ષો તૈયાર થશે કે કેમ....?

*દેશમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષો ભ્રષ્ટ કે બાહુબલીઓને ચૂંટણીમાં ઉમેદવાર બનાવી મહત્વ આપી રહ્યા છે.... ત્યારે સવાલ એ ઉભો થાય છે કે ચૂંટાયા બાદ આવા ગુનેગારોજ કાયદાઓ ઘડશે તો દેશનું શું થશે....? છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય પક્ષો જો કોઈ ભ્રષ્ટ કે દાગી નેતા બીજા કોઈ રાજકીય પક્ષમાં હોય તો તેના વિરુદ્ધ ભારે હોબાળો મચાવી દે છે અને દેશભરમાં કાગારોળ મચાવી દેશે... અને હોહા મચાવવામાં કોઈ કસર બાકી રાખતા નથી..... અને જો એ જ બદનામ કરેલ દાગી નેતા પક્ષ પલટો કરીને પોતાના પક્ષમાં આવી જાય તો એ ગંગા નદી ધોયેલો પવિત્ર,દાગ વગરનો બની જાય....! આવા જ પ્રકારની સ્થિતિ વિવિધ ગુનાઓ આચરેલ, ગુનેગારીમા મદદગારી કરેલ, ગુનેગારીમા સામેલ નેતાઓની છે.....! દેશભરમાં અનેક ધારાસભ્યો, સંસદસભ્યોની વિરુદ્ધમાં બળાત્કાર, હત્યા, અપહરણ, ખૂની હુમલા ઉપરાંત અનેક ગંભીર પ્રકારના કેસો કોર્ટોમાં ચાલી રહ્યા છે અને લોકશાહી દેશમાં કાયદાથી હાલત એવી છે કે આવા લોકોને કાયદેસર રીતે ગુનેગાર નક્કી ન કરાય કે સાબિત ન કરવામાં આવે ત્યાં સુધી તેઓ બેજીજક ચૂંટણી લડી શકે છે, તેઓને ચૂંટણી લડતા કોઈ રોકી શકતું નથી-કાયદો પણ નહી. જોકે આને માટે રાજકીય પક્ષો ખૂદ જવાબદાર છે. રાજકીય પક્ષો જ આવા ગુનેગારીનો ઇતિહાસ ધરાવતા કે દાગી નેતાઓને રાજકારણમાં બેહિચક પક્ષમાં પ્રવેશ આપે છે અને રાજકીય પક્ષોની નીતિ કોઈપણ રીતે એન કેન પ્રકારે ચૂંટણી જીતવાની રહી છે.... એટલા કારણેજ ગુનાખોરીની છાપ ધરાવતા લોકોને ચૂંટણી ઉમેદવાર બનાવતા અચકાતા નથી. સ્પષ્ટ બાબત એ છે કે જે તે દાગી કે ગુનેગાર નાણાં અને બળના જોરે રાજકારણમાં પ્રવેશ કરશે અને સત્તા પર બિરાજમાન થશે ત્યારે તે દેશનું કે દેશના લોકોનું શું ભલું કરશે.....? રાજકીય પક્ષોની આવી તકવાદી લાલચી નીતિના કારણે રાજકીય ક્ષેત્રમાં ગુનાખોરીને પ્રોત્સાહન મળે છે, અને કાયદા પણ આવા ગુનેગારો જ ઘડે છે, આવું બધું રાજકારણમાં ત્યારે જ અટકે કે જ્યારે રાજકીય પક્ષોની ઇચ્છાશક્તિ ગુનાખોરી ખતમ કરવાની હોય.....! દેશમાં જ્યારે રાજકીય પક્ષો આવા દાગી કે અપરાધીઓને ચૂંટણી ઉમેદવાર તરીકે સ્વિકારવાનુ બંધ કરશે તો આ પ્રશ્ન આપોઆપ હલ થઇ જશે.....! પરંતુ ખાટલે મોટી ખોટ......!!*

*સુપ્રીમ કોર્ટમાં દાગી નેતાઓના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવા અંગેની અગાઉની અરજી પર એક કેસ ચાલી રહ્યો છે. આ પહેલા એમિક્સ ક્યુરીએ પણ સવાલો ઉઠાવ્યા હતા કે જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે તેમના પર ગુનાખોરી બાબતેના કેસ ચાલી રહ્યા હોય તેવા નેતાઓને કાયદા ઘડવાની મંજૂરી શા માટે મળવી જોઈએ.....? સૌપ્રથમ તો આવા તમામ દાગી ધારાસભ્યો અને સાંસદો વિરુદ્ધના કેસો ચાલવા જોઈએ.... અને જો તેઓ નિર્દોષ સાબિત થાય તો જ કાયદા ઘડવાની તેઓને મંજૂરી મળવી જોઈએ. દેશમાં અત્યારની સ્થિતિમાં બળાત્કાર અને હત્યા જેવા ગંભીર કેસો હોય તેઓ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે, અને ચૂંટણી જીતી જાય તો સાંસદ, ધારાસભ્ય તથા મંત્રી બની શકે છે.ફક્ત આરોપો સાબિત થાય તોજ ચૂંટણી રદ થઈ શકે છે. જોકે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રાજકારણનું અપરાધીકરણ રોકવા ભાજપ- કોંગ્રેસ સહિતના નવ જેટલા રાજકિય પક્ષોને મોટી ફટકાર લગાવી છે. અને ચૂંટણી લડતા ઉમેદવારોની પૂરેપૂરી જાણકારી સાર્વજનિક કરવા જણાવેલ છે....ત્યારે કોઇ રાજકીય પક્ષ રાજકારણમાંથી અપરાધીકરણ ખતમ કરવા તૈયાર થશે કે કેમ.....?તેવો સવાલ જાગૃત નાગરિકોમાં ઉઠવા પામ્યો છે.. પરંતુ જો નાગરિકોજ જાગૃતિ બતાવે અને જે તે પક્ષની આભામાં આવ્યા સિવાય ઉમેદવારોને જાકારો આપે કે પછી તે પક્ષને દાદ જ ન આપે તો.....? તો રાજકીય પક્ષોએજ દાગી નેતાઓને દૂર રાખવા ફરજ પડી શકે.*

## જો હજુ પાંચ દિવસ વરસાદ ખેંચાશે તો ગંભીર જળસંકટ ઉભું થશે

ગુજરાતમાં વરસાદ ખેંચાતા ગંભીર જળ સંકટ ઉભું થવાની દહેશત છે. ત્યારે સરકારે પણ ૫૬ ડેમોમાં પીવાનું પાણી ૩૦ સપ્ટેમ્બર સુધી આરક્ષિત રાખીને બાકીનું પાણી ખેડૂતોનો ઉભો પાક બચાવવા સિંચાઈ માટે આપવાની જાહેરાત કરી છે. તે ઉપરાંત ગુજરાતની જીવાદોરી કહેવાતા નર્મદા ડેમમાંથી પણ રાજયમાં ઓગસ્ટના અંત સુધીમાં જ સિંચાઈ માટે પાણી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. નર્મદા ડેમમાં ૧૮મી ઓગસ્ટની સ્થિતિએ ૧૧૫.૬૯ મીટરની સપાટીએ પાણી ભરેલું છે, જેમાંથી ૩.૪૯ મિલિયન એકર ફૂટ (એમએએફ) એટલે કે ૪૫.૫૦ ટકા પાણી ડેડ સ્ટોરેજ છે, જ્યારે વાપરી શકાય તેટલું પાણી ૦.૫૫ એમએએફ એટલે ૧૧ ટકા જ છે. તેથી અત્યારે ખેંચાયેલા વરસાદની સ્થિતિ હોવા છતાં સિંચાઈ માટે વધુ કાપ આવે તેવા સંજોગો છે.રાજ્યમાં જો વધુ પાંચ દિવસ વરસાદ ખેંચાશે તો નર્મદામાંથી જે ડેમોમાં પાણી છોડવામાં આવે છે તે પાણી પણ બંધ થઈ જશે અને ગંભીર જળસંકટનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. મધ્યપ્રદેશમાં અત્યારે હાઇડ્રો વીજળી ઉત્પન્ન થઈ રહી હોઈ ૧૭ મી ઓગસ્ટની સ્થિતિએ નર્મદા ડેમમાં ૧૨ હજાર ૪૧૨ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે, એટલે સામે નર્મદા ડેમમાંથી ૧૫ હજાર ૨૦૦થી ૧૫ હજાર ૭૯૨ ક્યૂસેક સુધી કેનાલો દ્વારા પાણી છોડાઈ રહ્યું છે. નર્મદા ડેમમાંથી રોજ ઉદ્યોગોને અપાતું ૧૨૫ ક્યૂસેક પાણી બંધ થવું જોઈએ.ખેડૂતોનું કહેવું છે કે, સરકારે પ્રથમ અગ્રતા પીવાનાં પાણીને અને દ્વિતીય અગ્રતા સિંચાઈના પાણીને આપવી જોઈએ અને જરૂર પડયે ઉદ્યોગોને અપાતું પાણી સદંતર બંધ કરીને ખેતી બચાવવા ફાળવવું જોઈએ. હાલની સ્થિતિમાં રાજ્ય સરકારે સિંચાઈ માટે કુલ ૩૬ હજાર ૫૦૦ મિલિયન ક્યૂબિક ફૂટ પાણી આપવાનું નક્કી કર્યું છે. આમાં ઉત્તર ગુજરાતને ૨ હજાર એમસીએફટી, મધ્ય ગુજરાતને ૧૨ હજાર એમસીએફટી, સૌરાષ્ટ્રને ૨૫૦૦ એમસીએફટી તેમજ દક્ષિણ ગુજરાતને ૨૦ હજાર એમસીએફટી પાણી સિંચાઈ માટે પૂરું પડાશે. ૯.૫ લાખ એકર ખેતીની જમીનને સિંચાઈ માટે પાણી ફાળવાશે.

## સાબરકાંઠા જિલ્લાના તાલુકા પંચાયત અધિકારી બદલીનો જોગ ક્યારે આવશે....?

વડાલી તાલુકા પંચાયત અડીગો.જમાઈ ને બેઠેલા એસો.ને કોઈ બદલી.ના મૂહરત આવશે ખરા.....?

વડાલી તાલુકામાં વિકાસ ના કામોમાં એ.સો.હાર્દિક ચૌધરી ના દેખ રેખ હેઠળ માનીતા કોન્ટ્રાક્ટરો.ગી. કેરા....?

અત્યારે ગામડાં માં વિકાસ સારા કાર્મો ની રાહ જોતા ગામડાં ના લોકો ને વિકાસ નું કામ પંચાયત આવ્યા પછી પંચાયત ને જાતે કામ કરવાનું હોય છે પણ વડાલી તાલુકાના એસો દ્વારા માનીતા કોન્ટ્રાક્ટરો દ્વારા કામ કરવામાં આવેછે.

જેમાં ગામડા માં સી.સી.રો.નું કામ થયા.તો. પી.સી.સી.કર્યા વગર મેટલ પાથરી.અને ઉપર .સી.સી.રોડ.કરવામાં. આવેછે.

અને પણ એમાં થિમિક્સ .વાઈબૈટર .વગર ગામડા ના લોકોને એવુ લાગે

છે કે આ એસ્ટીમેન્ટ માં નહિ હોય તો આવો. સી.સી. રોડ કેટલા દિવસ સુધી ચાલશે

બ્લોક તો એસ્ટીમેન્ટ માં કેટલા એમ.એમ.હોય પણ માત્ર ૬૦.એમ.એમ.બધે ચાલે છે અને રોડ હોય કે ચોક હોય. બ્લોક ના રોડ માં તો માત્ર મેટલ પાથરી અને ઉપર ડસ્ટ પાથરી અને સીધા બ્લોક ગોઠવી.ને સાઈડ માં સિમેન્ટ લગાવી રોડ પૂરો એવા ગામડા ના લોકો.જોડે પુરાવા છે.

આ ગામના વિકાસ ના કામ લોકો જણાવી રહ્યા છે કે આ વિકાસ ના કામ ના અમારા ટેક્સ ના પૈસા છે તો અધિકારી ને તો બસ કોન્ટ્રાક્ટર જોડે ટકાવારીમાં જ રસ છે બાકી વિકાસ ના કામ જેટલા દિવસ સુધી રહે એતો ગામડા ના લોકો નું કિસ્મત.?

વિકાસ ના કામ નું એસ્ટીમેન્ટ જો ગામડામાં જઈને લોકો ને કોઈ. સાઈડ ઉપર જઈને હાર્દિક ભાઈ ચૌધરી ને એ.સો એ ગામના લોકો ને કે . ગામના આગેવાનો.કે .સરપંચ. મળીને કોને આવી વાત કરી હશે કે તમારા ગામમાં આ કામ વિકાસ નું આવ્યું છે તો જોવો આ એસ્ટીમેન્ટ આ કોપી હું પંચાયત માં તલાટી ને કહીને બહાર જાહેરાત નોટિસ બોડ પર લગાવું છું

તો.આટલી રકમ નું કામ છે.અને.આ પ્રમાણે કામ કરવાનું છે આ એસ્ટીમેન્ટ છે

આવું કોઈ પણ પંચાયત માં જઈને વાત કરી હશે....?

જો આવા અધિકારી. પોતાના ના ખીચા ભરવા માં જ રસ ધરાવતા અધિકારી ની બદલી ના મુહૂર્ત ક્યારે આવશે તેની રાહ જોઈ રહ્યા છે ...........?

ખેડબ્રહ્મા સેવા સદન ખાતે આવેલ સબ રજીસ્ટાર કચેરીમાં કરાર આધારિત ફરજ કર્મચારી દાદાગીરીનો વિડિયો વાયરલ થતા ચકચાર મચી જવા પામેલ છે.

સેવા સદન ખાતે આવકના દાખલા તેમજ અન્ય કામકાજ માટે સવારથી જ અરજદારો આવતા હોય છે અને લાંબી લાઈનોમાં ઉભા હોય છે. કોરોના મહામારીના કારણે માસ્ક પહેરવું જરૂરી છે અને જે અંગેનું બોર્ડ સબ રજીસ્ટર ઓફિસમાં લગાવેલ કે માસ્ક સિવાય કચેરીમાં પ્રવેશ કરવો નહિ તેમ છતાં કચેરીના સ્ટાફના માણસો જ માસ્ક ન પહેરતા સરકારી બાબુઓ સરકારના આદેશોને ગોળીને પી જતા જોવા મળે છે આ અંગે અરજદારે સ્ટાફના ઈસમને જણાવ્યું કે માસ્ક તો પહેરો ત્યારે આ ઈસમ ધ્વારા અરજદારને દાદાગીરી બતાવી કહ્યુ કે તું મને નિયમો શિખવાડે છે તેમ કહી ધમકાવી રહ્યો છે અને તુમાખીભર્યું વર્તન કરી જાણે કે પોતાને કચેરીનો અધિકારી સમજી બેઠો હોય તેમ બકવાસ કરી રહ્યો નજરે નજરે પડી રહેલનો વિડિઓ વાયરલ થતા સમગ્ર તાલુકામા ચકચાર મચી જવા પામી છે

માલજીદેસાઈ સાબરકાંઠા

# સુરત દક્ષિણ ઝોન ફી નિર્ધારણ સમિતી સામે કાનૂની કાર્યવાહીની તૈયારી

એફ આર સી એક્ટ ની સેકસન ૧૦ (૪) મુજબ એક વખત ફાઈનલ કરેલો ઓર્ડર ત્રણ વર્ષ સુધી એક જ રહે છે પરંતુ સુરત એફ.આર.સી કમિટીના અધ્યક્ષ અશોક દવે સાહેબ પોતાની મરજી પ્રમાણે શાળા સંચાલકોના ભાગીદાર હોય તેમ દર વર્ષે સ્કૂલ ફી મા વધારો કરી નવા નવા ખર્ચાઓ એડ કરી અનેસ્કૂલ ને અઢળક નફો કમાવી આપી અને સ્કૂલ ફી માં અસહ્ય વધારો કરી રહ્યા છે અને મધ્યમ વર્ગના વાલીઓ નું આર્થિક શોષણ કરી કરાવી રહ્યા છે એટલે ક્યાંકને ક્યાંક અશોક દવે સાહેબ ની કાર્યશૈલી શાળા સંચાલકોના ભાગીદાર સ્વરૂપી હોય તેવું વાલી જગતમાં શંકાને સ્થાન આપી રહ્યું છે!

૨૫૦૦ શાળાઓની ફી મંજુર કરનાર ×એફઆરસી×સુરત જનતાની અદાલતે કઠેરામાં

ગુજરાત હાઈ કોર્ટ કહે છે કે ફી બાકી હોય તો બાળકોનું એલ સી અને પરિણામ ના અટકાવાય. એફ આર સી અધ્યક્ષ અશોકદવે કરે છે કોર્ટની અવમાનના

જેવો બકરો એવાં કાટલાં, અશોક દવે હવે ફી લૂંટારાઓની પંગતમાં.એમની તજજ્ઞતા અને લાયકાત શંકાના દાયરામાં.

અબજોના ખર્ચા- સુશાસનના દાવા, સબ પઢે સબ આગે બઢે. દાવા પ્રતિદાવા- વચ ગુજરાતનું પ્રાથમિક શિક્ષણ અધોગતિની ગર્તામાં.

ગુજરાત રાજ્ય એવું હતું કે જ્યાં ગાયકવાડી રાજ્યમાં કન્યા કેળવણી તદ્દન મફત. ભાવનગરમાં કૃષ્ણસિંહજી મહારાજ શાસન અને એમનો શિક્ષણપ્રેમ , ગિજુભાઈ બધેકા મૂછાળી માં , વિદ્યાનગર સરદાર પટેલના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ એમનું જીવન, કાર્યો પ્રેરણા માત્ર ગુજરાતને શિક્ષણ ક્ષેત્રે યશ કીર્તિ અપાવતું હતું.

આપણા ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હર હંમેશ એમનાં ગુરુઓના ગુરુચરણ સામે નત મસ્તક રહેતાં હતાં, આનંદીબેન પટેલ શિક્ષક એવા શિક્ષણ મંત્રી અને મુખ્ય મંત્રી હતાં,શિક્ષણના નામે લુંટ એ નિમ્ન કરતૂત ગણાતું હતું. શિક્ષણ વ્યવસ્થા ઉપર અંકુશ હતો.ગુજરાતમાં ૨૦૧૭ પહેલાં ખાનગી પ્રાથમિક શાળાઓની ફી નક્કી કરી આપવાની સત્તા જીલ્લા શિક્ષણ અધિકારીઓ પાસે હતી.૨૦૧૭ બાદ આપણા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને છિક આવી ? ગુજરાતનાં વાલીઓને ફી નામે લૂટ ચલાવી લેવાશે નહી એવી જોરદાર જાહેરાત સાથે ફી વસુલાત કરવાં કરાવવા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ફી નિયમન અધિકાર અધિનિયમ કાયદો અમલમાં આવ્યો.ગુજરાતમાં ઝોન પાડી ફી નિર્ધારિણ કમિટી જાહેર કરવામાં આવી. આ કમીટીના સભ્યો તરીકે શાળા સંચાલક, ચાર્ટડ એકાઉન્ટન્ટ, ભૂતપૂર્વ ન્યાયાધીશ, ઈજનેર અને આર્કિટેક, જીલ્લા શિક્ષણ અધિકારીઓ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રેના આચાર્ય જેવાં વ્યક્તિઓની રાજકીય વરણી કરવામાં આવી, જે વાલીઓને એમનાં બાળકોની શિક્ષણ ફી નકકી કરવામાં આવવાની છે. શંકાસ્પદ રીતે એમનાં પ્રતિનિધિત્વની બાદબાકી કરવામાં આવી.સૌનો સાથ સૌનો વિકાસ, ભય , ભ્રષ્ટાચાર , ભુખ વગરનું શાસન, વારે તહેવારે સંવિધાનના સોગંદ અને ×××ગુજરાત મોડેલ નંબર વન××× પરંતુ ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ફી વસુલ કરવાની આ ફી નકકી કરવાની સત્તા એકાધિકાર એફ આર સી સભ્યોને આપવામાં આવી અને શરૂ થઈ રહ્યાં છે ફી વસુલ કરવા નામે ફી લુંટવાના પરવાના વહેંચવાના ગોરખ ધનધા,,,,, પાછલે બારણે ધન ધાપ કરવાના ધંધા.

તાજેતરના કપરા કોરોના મહામારીમાં ગુજરાત હાઈકોર્ટે વારંવાર જાહેર કર્યું છે કે કોઇ પણ વિદ્યાર્થિની ફી ભરવાની બાકી રહી હોય તો પણ એમનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને પરિણામ શાળા અટકાવી શકાશે નહી. આમ કોર્ટની સ્પષ્ટ માર્ગદર્શિકા છે એમ છતાં સુરત એફઆરસી અધ્યક્ષ અશોક દવે વાલીઓની ફરીયાદ બાબતે વાલી પાસેથી ફીના બાકી નાણાં વસુલ કરી વિદ્યાર્થીનું પરિણામ અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવા લેખિત પત્ર લખીને શાળાને જણાવે એ કોર્ટના હુકમના અનાદર સમાન છે.

અશોક દવે દ્વારા સુરતની વરાછા વિસ્તારની એક નામાંકિત શાળામાં શાળાનાં મકાનમાં શાળા શિક્ષણ સમય બાદ ખાનગી ટ્યુશન પ્રતિબંધ હોવાં છતાં ચાલતાં અમાન્ય શિક્ષણ ટ્યુશન , ભોજનના નામે ચાલતા લાખો રૂપિયાના ઉઘરાણાં નજર અંદાજ આંખ મીચામણાં કરી ફરીયાદી વાલીને ફી ભરવાની ફરજ પાડી એ શંકાસ્પદ, શરમજનક ગેરકાનૂની જણાય છે.સુરત એફઆરસી અધ્યક્ષ અશોક દવે જાતે જ એમનાં હોદ્દા, શૈક્ષણિક લાયકાત સામે અનેક સવાલો ઊભા કરી રહ્યા છે.

એવી જ રીતે સામાન્ય રીતે કોઈ પણ કાયદો ભારતના સંવિધાનથી ઉપર નથી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બોર્ડના કાયદા પ્રસ્થાપિત છે, કોઇ શાળા કે શાળામંડળ શિક્ષણ નામે ધંધો ના કરી શકે કે આવા નામે બાળકોનાં વાલીઓને લુંટી ના શકે. ચેરીટી એક્ટ, એજ્યુકેશન એક્ટ મુજબ કોઈ સંસ્થા ધંધો કરી શકે નહી.

શાળાઓ જુદાં જુદાં નામે , ભાડે રાખેલા શાળા મકાનોના વિકાસ નામે, માવજત નામે, જુદી જુદી શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી વગરની ફરજીયાત એક્ટિવિટી ઈતર પ્રવૃત્તિઓ નામે વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી નાણાં વસૂલ કરી શકાય નહી.

એફ આર સી ના માહિતી અધિકારી ભાવનાબેન ચૌધરી દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે એક્ટિવિટી ફી અને ટ્રઆન્સપોટેશન ફી અલગથી મંજૂર કરવામાં આવતી નથી. એડમિશન ફી, સત્ર ફી અલગથી મંજૂર કરવામાં આવતી નથી. એફ આર સી અધ્યક્ષ જાહેર કરે છે તે ટ્યુશન ફી વિવાદિત જણાય છે.

ગુજરાત હાઈકોર્ટની સલાહ મુજબ ગુજરાત સરકાર દ્વારા કોરોના મહામારીમાં ૨૫ ટકા શિક્ષણ ફી માફ કરવાની શાળા સંચાલકની સાંઠગાંઠ થી જાહેર કર્યુંછે. સુરત એફઆરસી અધ્યક્ષ અશોક દવે અન્ય સભ્યો કે જીલ્લા શિક્ષણ અધિકારીઓ ની જાણ બહાર એમણે નક્કી કરેલી તમામ ફી શિક્ષણ ફી જ છે એવું જાહેર કરી ખાનગી શાળાઓને ફી નામે લૂટ કરવાના પરવાના વહેંચી રહ્યાં હોઈ એવું જણાય છે.

અશોક દવે સરકારના પરિપત્રોનું મનસ્વી અર્થઘટન કરી રહ્યા છે.

સુરત શહેર વાલી આગેવાન મનીષભાઈ વાઘાણી, ભરતભાઈ મિયાણી, ચિરાગભાઈ ઠકકર, મનોજભાઈ ચાંદલા દ્વારા અશોક દવેના વિવાદિત હુકમો સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે એવું જાણવા મળેલ છે.

ચારેતરફ ગુજરાતમાં ખૂલે બજાર ચર્ચાય છે કે એફઆરસી એક્ટ ૨૦૧૭ એ વિદ્યાર્થી વાલીઓના હિતમાં છે કે લુંટ ચલાવી રહેલા શાળા સંચાલકોના હિતમાં ?

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ શાળા સંચાલકોના હિત રક્ષક છે કે પછી લાખો વાલીઓ અને વિદ્યાર્થીઓના હિત રક્ષક ?

એફઆરસી સુરત એ શિક્ષણ નામે ચાલતી લુંટ- ટ્યુશન ફી, ટર્મ ફી, લાઈબ્રેરી ફી, લેબોરેટરી ફી, ડિપોઝિટ , જિમખાના ફી,કમ્પ્યુટર ફી,પરીક્ષા ફી, કૌશન ફી, પ્રવેશ ફી, દાન- ડોનેશન, યોગા ફી, પ્રવૃત્તિ ફી, ત્રાન્સપોટેશન ફી, અરેરે સ્ટેશનરી ફી, જૂતાં બુટ ફી, ગણવેશ ફી આવા વિધ વિધ

નામે વસૂલ કરવામાં આવતાં નાણાંને દૂધે ધોઈ આપવાની એજેંશી તો નથી ને ? આવી માહિતી એફઆરસી કમિટી સોગંદનામાં સહ મંગાવે છે.

ખોટાં સોગંદનામાં કરનારા શાળા સંચાલકો સામે કાનૂની કાર્યવાહી કરી છે ખરી ?

જો ન્યાયાધીશ જ આરોપીના પીંજરામાં હોય એવા આપણા ગુજરાતમાં ન્યાયની અપેક્ષા કોની પાસે રાખવી ?

અદાલતોમાં અંધેર નથી, દેર છે તે વાલીઓ- વિદ્યાર્થીઓનાં ભણતર ભવિષ્ય સાથે અને એમનાં અધિકાર સાથે ક્રૂર મજાક સમાન છે,

સુરત મહાનગરના શિક્ષણપ્રેમીઓ ક્યારે જાગશે ? દીવા પ્રગટાવીને તાળીઓ પાડશે ?

# ભાઈ પ્રત્યે બહેનનો ભાવ



**કાવ્ય માધુર્ય**

**ડૉ. કિશોર પંડ્યા**

બહેન પોતાના ભાઈ પ્રત્યેનું વ્હાલ દર્શાવવા માટે કેવા કેવા ઉત્તમ ઉદાહરણો આપે છે; એ પ્રસ્તુત ગેય લયબધ્ધ ગીત રાસમાં કહેવાયું છે. ભાઈની મહાનતા અને કુટુંબ ભાવના ઉજાગર કરવા માટે રાસ તરીકે પણ આ જોવા મળે છે. જેમ ચંદ્ર ગગનમાં શોભે છે; એમ મારો ભાઈ, ભલે હજી પારણામાં છે; પણ ચંદ્ર જેવા શીતળ તેજથી શોભતો છે. ગુલાબ, મોગરો, ચંપો, ચમેલીની સુગંધ જેમ બાગમાં ફેલાતી હોય છે એમ અમારા કુળમાં મારા ભાઈની કીર્તિની મહેક ચારેબાજુ ફેલાયેલી છે. મારા ઘરમાં મારો ભાઈલો સૂર્ય જેવુ અજવાળું પાથરે છે. મારા અંતરમાં જે આનંદ છે, ઉમળકો છે, એવો જ આનંદ મારા ભાઈ દ્વારા મને મળી રહ્યો છે. બહેન ભાઈને હેતના હિંડોળે ઝૂલાવે છે અને પોતે પણ ભાઈને ખમ્મા, ખમ્મા કરતી હોંશથી હીંચકતી જાય છે. જાણે-અજાણે આ ગીતની સાથે જ માતાની મહાનતા દર્શાવતુ કવિ બોટાદકરનું 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' પણ યાદ આવી જાય તે સ્વાભાવિક છે. ગુજરાતી સાહિત્યની આવી રચનાનોએ જ ગુજરાતના જનજીવનને ધબકતું રાખ્યું છે.

લીમડાની ડાળીએ હિંચકો બાંધ્યો હોય અને ભાઈ-બેન વારાફરતી હીંચકતા હોય અને જે આનંદ આવે તેવો આનંદ આ ગીતાના લયમાં ઝૂલવાથી વાચક-ભાવકને મળી રહે છે. ગુજરાતના ઘરઘરમાં પહોંચેલું આ ગીત દરેક બહેન ગણગણતી હોય છે. આનું ઉચ્ચતમ શિખર ત્યારે અનુભવાય છે કે જ્યારે બહેન કહે છે કે ભગવાને મને મા આપી છે; માએ મને ભાઈની ભેટ આપી છે. 'મા એ મા બીજા વગાડના વા' એમ કવિ અંતમાં ચમત્કૃતિ મૂકવાનું ચૂકતા નથી.

આપણાગીત કવિઓમાં અને ખાસ તો પ્રથમ પંક્તિના અગ્રગણ્ય કવિઓમાં ન્હાનાલાલનું નામ શિખરસ્થ થયેલું છે. પિતા દલપતરામને કવિ તરીકે લોકો તરફથી મળતો સ્નેહ અને આદર જોઈને યુવાન નાનાલાલના હૃદયમાં કવિ બનવાની ઈચ્છાનો સાગર ઉછાળવા લાગ્યો. એટલે બાળપણમાં પોતાના તોફાનોથી પિતાને પરેશાન કરાવનાર

### ખમ્મા વીરાને!

ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ:  
મોંઘામૂલો છે મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ:  
બીજો સોહાગી મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

રાજ તો વિરાજે રાજમંદિરે રે લોલ:  
પારણે વિરાજે મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

ચંપો ખીલે છે ફૂલવાડીમાં રે લોલ:  
કુલમાં ખીલે છે મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

આંગણે ઉજાસ મ્હારે સૂર્યનો રે લોલ:  
ઘરમાં ઉજાસ મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

એક તો આનંદ મ્હારા ઉરનો રે લોલ:  
બીજો આનંદ મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

દેવે દીધી છે મ્હને માવડી રે લોલ:  
માવડીએ દીધો મ્હારો વીર જો!  
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.

**ન્હાનાલાલ**

ન્હાનાલાલે પાઠ્ય પુસ્તકો વાંચવા સાથે એ સમયનું સાહિત્ય પણ વાંચી નાખ્યું.

શરૂઆતમાં છંદબદ્ધ કવિતાઓ રચી તેમણે છંદ પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. ૧૯૦૧માં એમ.એ. થનારા કવિની કાવ્યસાધના અવિરત પણે ચાલુ રહી હતી. ૧૮૯૭માં 'પ્રેમભક્તિ' ઉપનામથી તેમનું કાવ્ય છપાય છે. ૧૮૯૮માં 'વસંતોત્સવ' દ્વારા તેમણે પ્રસિધ્ધિ પ્રાપ્ત કરી. એ સમયના કાન્ત જેવા પ્રતિષ્ઠિત કવિ તેમને આવકારે છે અને કહે છે;'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ'. એમની જ પંક્તિમાં કાન્ત ઉમળકો વ્યક્ત કરે છે.

કવિ દલપતરામનું ૧૮૯૮માં અવસાન થાય છે. એમણે પચાસથી વધારે વર્ષો સુધી કાવ્યસર્જન કર્યું. પરંતુ એમના દેહાવસાન પહેલા ન્હાનાલાલ એમના માર્ગે આગળ વધી પ્રતિષ્ઠા પામી રહ્યા હતા. ન્હાનાલાલનું છેલ્લું કાવ્ય ૧ જાન્યુઆરી ૧૯૪૬ ના રોજ લખાયેલું છે. વિશ્વકક્ષાએ પણ પિતા-પુત્રએ સો વર્ષ સુધી સાહિત્યનો માર્ગ અપનાવી નામના પ્રાપ્ત કરી હોય એવો ઉલ્લેખ જોવા મળતો નથી. એમની વાણીનું અપૂર્વ માધુર્ય પ્રસ્તુત ઊર્મિ રાસગીતમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

એ સમયની ગુજરાતી ભાષામાં થતાં લેખન પ્રમાણે નાનાલાલ લખવું હોય તો ન્હાનાલાલ લખવું પડે. આ લખાણશૈલી હજી કેટલીક જગ્યાએ ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં જળવાઈ રહી છે.

આવા ભાવનાસભર કાવ્યોને કારણે ન્હાનાલાલ આજે પણ લોક હૃદયમાં બિરાજમાન છે. એમના કાવ્યોમાં અનેક પ્રકારના કાવ્યો દષ્ટિમાં થાય છે. ગીત, ગઝલ, સોનેટ,છંદોબધ્ધ ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, આખ્યાન, મહાકાવ્ય રાકીને એમણે ગુજરાતને ચરણે સમર્પિત કર્યા છે. ઉપરાંત નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, ચરિત્ર નિબંધ, વિવેચન વગેરે સાહિત્ય પ્રકારોનું એમની કલામ દ્વારા ખેડાણ કરી ગુજરાતી સાહિત્યને ઉત્તમ સાહિત્ય આપ્યું છે. મહાકવિનું બિરુદ પામેલા આ કવિએ એમની વયના એકવીસમાં વર્ષે ડોલનશૈલીને રજૂ કરી સમગ્ર સાહિત્ય જગતમાં તરખાટ મચાવી દીધો હતો. વિવેચકોના વખાણ અને વિવાદ પ્રેરિત નિવેદનો એમની કાવી રચના વિષે ભલે થયા હોય પરંતુ આજે પણ લોક માનસમાં આ મહાકવિ બિરાજમાન છે.

કવિશ્રી ન્હાનાલાલે ભલે જુદા જુદા અનેક પ્રકારના સાહિત્યમાં પોતાની કલામ ચલાવી હોય, પોતાનું લેખનકાર્ય કર્યુ હોય, પરંતુ એમના વ્યક્તિત્વના દર્શન તેમની કવિતાઓમાં જ થતાં જોવા મળે છે. આ રોમાંચક ભાવનાસભર મહાકવિ ઉત્કૃષ્ઠ કલ્પનાના સહારે પોતાની લાગણીને કાગળ ઉપર ઉતારે છે અને વાચકને રસ-લયમાં તરબોળ કરે છે.

એમની હૃદયસ્થ પંક્તિઓઃ-

નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,  
નમું કોટી વારે, વળી પ્રભુ ! નમસ્કાર જ હજો.  
થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,  
કૃતિ ઈન્દ્રીયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું,  
સ્વભાવે, બુધ્ધિથી, શુભ અશુભ જે કાંઈક કરું,  
ક્ષમા દષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ! ધરું.

*****

Email : kisspandya@gmail.com
*******9825759666

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ. રચનાઓ
વિષય :." શિવ મહિમા..શ્રાવણ સોમવાર મહત્વ વિષયક રચનાઓ.(૧૯-૮-૨૦૨૧) દિવસ - ૩ ( બીજો દીવસ)
Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
શીર્ષક-'મહાદેવનું મન મોહે શ્રાવણ'

'શ્રાવણ તમને કેમ વ્હાલો શિવજી,
કેમ મન તમારું મોહે??
કેમ તમારું શિવલિંગ બીલીપત્ર અને ભસ્મથી શ્રાવણમાં ખાસ સોહે?
મહાદેવના વ્હાલા પુરુષોત્તમે જન્મ શ્રાવણમાં ધરિયો,
શ્રાવણ ને સર્વોત્તમ માસ,
મહાદેવે ઘોષિત કરિયો.
શ્રવણ નક્ષત્રની પૂર્ણિમા,
શ્રાવણમાં ગગનને સોળ કળાએ સોહાવે,
મારા મહાદેવજીના મનને
શ્રાવણ માસ મોહાવે.
ઓમ નમઃશિવાયના નાદ,
ગગનનેય ગુંજાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
રુદ્રાભિષેક અને શિવ સ્તોત્રો થી
શિવ મંદિરને ભક્તો ગજાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
વ્રત,તહેવારને મેળાઓથી ભકતજનો હરખાયે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
જપ-તપ, પૂજા-પાઠ કરીને ભોલેના નામનો અલખ જગાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
શિવ-પાર્વતીની બેલડી સમ સૌભાગ્યનું સુખ સહુને અપાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
એકવાર આવે વર્ષે,
ભક્તો ફરી આવવાની પ્રતિક્ષા જગાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.
શ્રવણ(કથાનું),
વાંચન(ધર્મગ્રંથોનું) અને નમન(પ્રભુને)નું મહત્વ એ સહુને સમજાવે,
મારા મહાદેવજીના મનને શ્રાવણ બહુ મોહાવે.

અલકા મહેતા,ગાંધીનગર

---

NOG SS No.0081
પ્રકાર : ગદ્ય
વિષય : શ્રાવણ માસ/શિવપૂજન
શીર્ષક : શ્રદ્ધા શિવજી પર

ભારત જેવાં ખેતીપ્રધાન દેશમાં દરેક ઉત્સવ કે ઉજવણી
ખેડૂતનાં જીવન સાથે જોડાયેલી હોય છે.શ્રાવણ માસ એટલે વાવણી બાદ પોરો ખાવાનો સમય.તેથી સાથે ભક્તિ,મેળા જેવી બાબતો જોડી તેઓ પ્રકૃતિ સાથે જોડાયેલાં રહે.શિવ પૂજનનું અનેરૂં મહત્વ,જે બિલીપત્ર દ્વારા કુદરતનાં સામીપ્યમાં રાખે.એક ઓછી જાણીતી કથા જે શિવપૂજનનું માહાત્મ્ય દર્શાવે છે.
રાજા ચિત્રવર્મા શિવનો પરમ ઉપાસક હતોત્યાં એક દીકરીનો જન્મ થયો. તેનું નામ હતું સીમંતિ. એક દિવસ એની જન્મકુંડળી બનાવી જ્યોતિષે રાજાને કહ્યું : ' રાજન ! આપની દીકરી સીમંતિ યુવાન વયે જ વિધવા થશે.'રાજમહેલમાં સૌ ચિંતામગ્ન બની ગયાં પરંતુ સીમંતિ પર તેની કોઈ અસર થઈ નહિ. તે યાજ્ઞાવલ્કય મુનિની પત્ની મૈત્રેયી પાસે ગઈ.
તેણે નમ્રભાવે કહ્યું : ' માતાજી, મારા સૌભાગ્યની અભિવૃધ્ધિ થાય એવો મને સદુપદેશ કરો.' મૈત્રેયીએ તેને કહ્યું : "બેટા ! તું શિવપાર્વતીના શરણે જા, તેમનું પૂજન કર, તું નિર્ભય બનીશ.''
ઉપદેશાનુસાર સીમંતિએ પ્રત્યેક સોમવારે શ્રદ્ધાપૂર્વક શિવપાર્વતીનું પૂજનવ્રત શરૂ કર્યું. નિષધ દેશના રાજા નળના પૌત્ર રાજકુમાર ચંદ્રાગદ સાથે સીમંતિનો ધામધૂમથી વિવાહ સંપન્ન થયો. એ સમયે રાજકુમાર ચંદ્રાગદ પોતાના સસરાને ત્યાં જ હતો. બીજે દિવસે રાજકુમાર યમુના નદીમાં સ્નાન કરવા ગયો અને યમુના નદીમાં ડૂબી ગયો. સર્વત્ર શોકનું વાતાવરણ છવાઈ ગયું. સીમંતિ તો મૂર્છિત થઈ ગઈ. વૈધવ્યવનાં દિવસોમાં પણ તેણે સોમવારનું વ્રત ચાલ્યું રાખ્યું અને ત્રણ વરસ સુધી શ્રદ્ધા અને ભક્તિભાવથી શિવપૂજન કરતી રહી.
યમુનામાં ડૂબેલો રાજકુમાર ચંદ્રાગદ પાતાળલોક પહોંચી ગયો જ્યાં નાગરાજ તક્ષકને પોતાની ઓળખાણ આપી પોતે શિવભક્ત છે એમ જણાવ્યું. નાગરાજે કહ્યું : ' કુમાર ! તમારું કલ્યાણ થાઓ.રાજકુમારે આજીજી કરી,," નાગરાજ ! થોડા સમય પહેલાં જ મારો વિવાહ થયો છે. મારી પત્ની સીમંતિ પણ શિવપૂજનનું વ્રત કરી રહી છે. મારાં માતાપિતા એકનાં એક પુત્રનાં મૃત્યુ શોકમાં ડૂબી ગયાં હશે. તો કૃપા કરી મને મનુષ્યલોકમાં પહોંચાડી દો." તક્ષકની કૃપાથી રાજકુમાર ચંદ્રાગદ યમુના તટ પર આવી ગયો. યમુનાસ્નાન માટે આવેલી સીમંતિએ રાજકુમાર ચંદ્રાગદને જોયો. તેના આનંદથી ઉછળી ઊઠી. રાજકુમાર જીવિત છે એ સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા. સીમંતિને રાજકુમાર પોતાની રાજધાનીમાં લઈ ગયો. આમ શિવભક્તિથી, શ્રદ્ધા થી સીમંતિને સૌભાગ્ય પ્રાપ્ત થયું.

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

NOG SS No /0044
વિષયઃ-શિવ મહિમા,શ્રાવણનો મહિમા,શ્રાવણી સોમવારનું મહત્વ.
પ્રકારઃ-ગદ્ય
શબ્દોઃ-૩૪૭
શીર્ષકઃ- શિવાલયોની માહિતી.

શ્રાવણ માસ એટલે ભક્તિનું ઘોડાપૂર.વ્રત, ઉપવાસ અને તહેવારોનો મહિનો.
આ માસમાં મહાદેવના દર્શન કરી બીલીપત્ર સહિત અન્ય સામગ્રી શંભુ ભોળા નાથને અર્પણ કરવાનો મહિમા.
આપણે કેટલાંક શિવાલયો વિશે જાણીએ.
સમસ્ત ભારતમાં અસંખ્ય શિવાલયો છે એમાં કેટલાંક સ્વયંભૂ છે.બાર જ્યોતિર્લિંગની તેમજ અમરનાથ અને માનસરોવર કૈલાશનાથની યાત્રાનું અદકેરું મહત્વ.
દ.ગુ.માં આવેલાં કેટલાંક પ્રખ્યાત શિવાલયોની જાણકારી આપવાનો મારો પ્રયાસ છે.
બિલીમોરાનું સોમનાથ મંદિર.એ મહાદેવ સ્વયંભૂ.અમારાં સગાંને મહાદેવે સપનામાં આવી ઝાડીમાંથી બહાર કાઢવાનું કહ્યું.એ સગાંએ મારા દાદા સસરાને વાત કરતાં તપાસ કરાવી તો ઝાડીમાંથી શિવલિંગ મળ્યું.મારા દાદા સસરાએ તપોધનને પૂજા કરવા અને જે કોઈ પૈસા ચઢાવે તે એણે લેવા એવું નક્કી કર્યું.ધીમે ધીમે ભક્તો વધતાં ચઢાવો પણ વધ્યો એટલે બીજા તપોધનોએ મારાં દાદા સસરાને કહ્યું," એકલાં એણે જ શું કામ પૂજા કરવાની? અમને પણ પૂજા કરવા દો" એટલે મારાં દાદા સસરાએ દેસરાનાં સમસ્ત તપોધનો વચ્ચે પૂજા
કરવાના વારા બાંધી આપ્યાં જે આજે પણ ચાલુ છે.
વલસાડમાં તડકેશ્વર સ્વયંભૂ મહાદેવ.આ મહાદેવની ઉપર છાપરાં નથી અને સુતેલી
સ્થિતિમાં છે.તડકામાં જ રહેતાં હોવાથી તડકેશ્વર.
વલસાડમાં શાકમાર્કેટમાં ભીડભંજન સ્વયંભૂ મહાદેવ.
ધરમપુરમાં બરુમાળ,વાઘલધરામાં પારદેશ્વર, ચીખલીમાં સ્વયંભૂ મલ્લિકાર્જુન.ગણદેવી તાલુકામાં અમલસાડમાં અંધેશ્વર,કછોલીમાં ગંગેશ્વર,ગડતમાં કામેશ્વર મહાદેવ આ બધા મહાદેવ સ્વયંભૂ.
સુરતમાં કતારગામમાં સ્વયંભૂ કંતારેશ્વર અને ઓલપાડમાં સ્વયંભૂ સિધ્ધનાથ મહાદેવ.એક મુસ્લિમ રાજાએ તોડફોડ કરવા પ્રવેશ કર્યો ત્યારે આ શિવાલયમાંથી અસંખ્ય ભમરાઓ નીકળીને રાજાને પાછો કાઢેલો. શિવલિંગમાંથી ભમરા નીકળેલાં તે કાણાં હાલ મોજૂદ છે.
કામરેજમાં સ્વયંભૂ ગલતેશ્વર મહાદેવ.આ મહાદેવનું મહત્વ નાસિકનાં ત્રંબકેશ્વર જેટલું જ છે.નારદીગંગા, ગુપ્તગંગા,અને તાપી માતાનાં ત્રિવેણી સંગમે આ મંદિર છે.૬૨'ઉંચી શિવજીની પ્રતિમા છે, એની ગુફામાં ૧૨ જ્યોતિર્લિંગ સાથે અમરનાથનું શિવલિંગ પણ છે. ગલતેશ્વર મહાદેવ પરિસરમાં વહેતી તાપી નદીમાં સ્નાન કરવાથી કુષ્ઠ રોગ મુક્ત થવાય એવી માન્યતા છે.
પલસાણા તાલુકામાં કણવ ગામે તળાવ પર સ્વયંભૂ કણેશ્વર મહાદેવ.બારડોલીમાં કેદારેશ્વર.
ભરૂચમાં રેવાને તીરે નીલકંઠ મહાદેવ તો કાવીમાં સ્તંભેશ્વર.આ મહાદેવનાં શિવલિંગ પર ભરતી આવે ત્યારે આપોઆપ અભિષેક થાય અને શિવલિંગ જાણે આપોઆપ ગાયબ થઈ જાય.
શુકલતીર્થમાં શિવાલયમાં એક સાથે ત્રણ અલગ-અલગ શિવલિંગ છે.
ભરૂચમાં નીલકંઠ મહાદેવ, જૂનાં ભરૂચમાં કામનાથ આને હંસેશ્વર મહાદેવ, અંગારેશ્વરમાં સ્વયંભૂ મંગળનાથ મહાદેવ છે.
ડેડીયાપાડા તાલુકામાં કોકમ ગામે ૫૦૦૦ વર્ષ જુનું સ્વયંભૂ શિવલિંગ.
ઘણાં શિવાલયો છે.શ્રધ્ધાથી ભક્તિ કરીએ તો ઘરનાં મંદિરનાં શિવજી પણ પ્રસન્ન થાય.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા. બિલીમોરા

---

NOG SS NO .0001
વિષય :-- શિવ મહિમા, શ્રાવણ નો મહિમા.
શીર્ષક :-- " શિવને જળાભિષેક "
પ્રકાર :-- ગદ્ય

દેવપોઢી એકાદશી પછી શરૂ થતાં ચાતુર્માસનો પ્રથમ મહિનો એટલે શ્રાવણ માસ .શ્રાવણ માસનું મહત્વ શિવભક્તોમાં ઘણું વધારે હોય છે. ભક્તો શિવભક્તિમાં લીન થઈને શિવમય બની જાય છે .આ માસમાં જ એક પછી એક તહેવારો ની પણ વણઝાર શરૂ થાય છે .એટલે ભક્તિમય વાતાવરણની સાથે સાથે તહેવારોનાં આનંદની પણ ઉજવણી ઉત્સાહ પૂર્વક કરાય છે .
આ માસમાં શિવજીને જળાભિષેક કરવામાં આવે છે. આ માસમાં ભાગવતનું કે શિવપુરાણનાં વાંચનનું કે શ્રવણનું પણ ખૂબજ મહત્વ છે .ઘણાં લોકો આ માસ દરમ્યાન શિવપુજા ની સાથે સાથે આખો મહિનો વ્રત ઉપવાસ કરે છે .તીર્થસ્થાનો ના દર્શન કરીને મહાદેવનાં આશીર્વાદ પણ મેળવે છે
આ સમયમાં નદીઓમાં નવા નીર આવે છે એટલે લોકો આ માસમાં ખાસ તીર્થસ્થાનો એ જઈને નદી સ્નાન કરીને પવિત્ર થાય છે. ગંગાસાગર જેવા પવિત્ર સ્થળે તો હરિદ્વાર , ઋષિકેશ ,ગંગોત્રી, કાશી જેવા પવિત્ર સ્થળેથી પવિત્ર નદીઓનું જળ લાવીને શિવજીનો રુદ્રાભિષક કરવામાં આવે છે.એવું કહેવાય છે કે દેવતાઓ અને દાનવો વચ્ચે સમુદ્રમંથન પણ આ જ માસમાં થયું હતું .
સમુદ્રમંથન વખતે ૧૪ રત્નો નીકળ્યા હતા એમાં વિષ પણ હતું ,અને એ વિષ મહાદેવે ગ્રહણ કરીને પોતાનાં કંઠમાં ધારણ કર્યું હતું. ત્યાર પછી સતયુગમાં મહાદેવને ઠંડક આપવા દેવી દેવતાઓએ મહાદેવ ઉપર જળનો અભિષેક કર્યો હતો, અને હાલ કળિયુગમાં પણ વિષનાં આ પ્રભાવને દૂર કરવા માટે મહાદેવ ઉપર જળાભિષેક કરવામાં આવે છે.
શિવપુરાણ મુજબ જળ એ સમસ્ત પ્રાણીઓમાં જીવનનો સંચાર કરે છે , તેથી જ આ જળ એ સ્વયં મહાદેવનું જ સ્વરૂપ છે.

પ્રદીપ રાવલ " સંચાલક "

---

NOG. SS.NO: 0099
પ્રકાર : પદ્ય( બાળ જોડકણાં)
શબ્દઃ શિવ મહિમા

બોલો ઓમ નમઃશિવાય,
મોટું ના કોઈ શિવ સિવાય,
જેના વિના નહિ જીવાય,
સ્મરણ પછી જળ પીવાય.
આખો દિવસ કામકામ,
ભૂલીએ પ્રભુનું ધામધામ,
ટૂંકું ટચૂકડું શિવનું નામ,
ભજીને કરીએ આરામ.
શિવજી છે જટાળા,
કહેવાય કૈલાસવાળા,
ગળામાં છે સર્પમાળા,
દેવોમાં સૌથી નિરાળા.
શિવજી વહેલા આવજો,
ઉમિયાને સંગાથે લાવજો,
મારાં સઘળા કષ્ટો કાપજો,
સૌને સુખ-સમૃદ્ધિ આપજો.

ભાવનાબેન મિસ્ત્રી 'અભય' વલસાડ.

## ૧૯ ઓગસ્ટ, ''વિશ્વ માનવતાવાદી દિવસ''
# હું માનવી માનવ થાઉં તો ઘણું



૧૯૮૦ નાં દાયકાથી ''વિશ્વ માનવતાવાદી દિવસ''ની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી દિવસ એ જે માનવતાવાદી કર્મચારીઓએ માનવતાવાદી કારણોસર પોતાનું જીવન ગુમાવ્યું હોય તેમને સમર્પિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં હ્યુમનિસ્ટ્સને ધ્યાનમાં રાખીને, વિશ્વમાં હકારાત્મકતા લાવવા માટે માનવતાવાદ વિશેની સભાનતા પ્રગટાવવાનો છે. યુએનના બગદાદના મુખ્ય મથક પર બોમ્બ ધડાકામાં વિએરા ડી મેલો અને તેના ૨૧ સાથી એવા માનવતા ચિકિત્સકોનાં મોતને યાદ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા ૧૯મી ઓગસ્ટનાં દિવસે વિશ્વ માનવતાવાદી દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વનાં ઘણા લોકો ભૂખમરો અને રોગગ્રસ્ત સ્થળોએ જીવન જીવનારા લોકો માટે સમાજમાં વધુ સારું સ્થાન બનાવવા માટે કાર્ય કરે છે, હ્યુમનિટેરિયન ડે એવા જ માનવતાવાદી કામદારોને શ્રદ્ધાંજલિ આપવાનો એક પ્રસંગ છે જે વિશ્વભરમાં યુદ્ધો અને કુદરતી આફતોનાં ભોગ બનેલા લોકોને મદદ કરવા તેમના જીવનને જોખમમાં નાખે છે. જીવનમાં ઓછામાં ઓછો એક વાર અમને દરેકને જરૂરિયાતમંદોને મદદ કરી.

કોઈપણ દેશમાં કોઈપણ ધર્મમાં કોઈપણ વિદ્યામાં, ચિકિત્સા શાસ્ત્રોમાં માનવ,મનુષ્ય એ જ મુખ્ય કેન્દ્રમાં છે અને માનવતા એ જ મોટો ધર્મ છે. દરેક વિજ્ઞાન, ચિકિત્સા શાસ્ત્રો, રાજકીય સ્થિતિ વગેરેનું કેન્દ્ર- માનવ જીવન અને તેને જીવન સારી રીતે જીવવાની દૃષ્ટિ વગેરે માનવની સુખ- શાંતિ માટે જ છે. એ માનવને માનવતા શીખવવા તેનાં સ્વાસ્થ્યની રક્ષા કરવા તેના માનસને સાત્ત્વિક બનાવવા ધર્મશાસ્ત્રો ચિકિત્સા રાગો- અન્ય તમામ વિજ્ઞાન વગેરેનું સર્જન થયેલ છે. દરેક કાર્યોમાં માનવ જ મુખ્ય છે. તેના આધારે જ જગતમાં ધાર્મિક્તા, સત્યતા, સદભાવના, સૃષ્ટિનો વિકાસ સૃષ્ટિનું બંધારણ સહયોગ બની રહ્યો છે. ''પરસ્પર દેવોભવ માનવ'' માનવ માનવતા રાખી એક બીજામાં દેવના દર્શન કરે તો પ્રભુ-પરમાત્મા રાજી રહે. અખા ભગત કહેતા કે, 'તું જ તારો ગુરૂ થા.' ભગવાન પ્રિય માનવની શોધમાં જ્યારે નરેન્દ્રનાથે શ્રી રામકૃષ્ણ પરમહંસને પૂછ્યું કે 'તમે ભગવાનને જોયા છે? ત્યારે પરમહંસે 'હા' કહી તે વખતે નરેન્દ્રનાથે પૂછ્યું'કેવી રીતે ? ' જેવી રીતે તને જોઉ છું તે રીતે.' રામકૃષ્ણ દેવનાં આ શબ્દોમાં માનવતાનાં અનુભવનો રણકો હતો. તેથી નરેન્દ્રનાથ પીગળી ગયા અને સ્વામી વિવેકાનંદ પ્રગટી ગયા. ભગવત ગીતાનું એક સૂત્ર આપણે સહુને હૈયામાં રાખવા જેવું છે કે 'ઈશ્વર સર્વભૂતનાં હૃદયે અર્જુન તિષ્ઠતિ' ઈશ્વર દરેક માનવની માનવતાનાં હૃદયમાં રહેલો છે. આમ દરેક દેશ-વિદેશમાં દરેક ધાર્મિકતામાં, દરેક શાસ્ત્રોમાં, દરેક વિજ્ઞાનમાં માનવ જ મુખ્ય છે અને માનવતા એ તેનો મુખ્યધર્મ છે.

મિત્તલ ખેતાણી

# અમદાવાદ ગ્રામ્યી જિલ્લામાં મજૂરો તેમજ કારીગરોની માહિતી પોલીસ સ્ટેશિને આપવી

અમદાવાદ શહેર બોપલ પોલીસ સ્ટે શન વિસ્તા અને ગ્રામ્ય વિસ્તારોમાં મકાન બાંધકામ માટે મજૂરો, કડિયા અને કારીગરો બહારગામ કે રાજ્ય બહારથી રોજગારી અર્થે કામ કરે છે. જાહેર સલામતી અર્થે આ સર્વેની સંપૂર્ણ વિગતો નજીકના પોલીસ સ્ટોશને જણાવવા અધિક જિલ્લો મેજિસ્ટ્રેથટ શ્રી પરિમલ બી.પંડ્યા આદેશ કર્યો છે.

જે તે વિસ્તા?રના મુકાદમો કે કોન્ટ્રા કટરો કામકાજ માટે મજૂરો લાવે છે તેમની નોંધણી પોલીસ સ્ટેતશનમાં ફરજિયાત કરવાની રહે છે. બહારથી આવનાર આ લોકો સર્વે આધારિત ગુના આચરે કે ગુનાગારીમાં મદદ કરે ત્યાજરે જાહેર હિત માટે તેમની સંપૂર્ણ જાણકારી પોલીસ સ્ટોશનમાં હોવી જરૂરી છે.

બોપલ ઉપરાંત અમદાવાદ જિલ્લો ગ્રામ્યર વિસ્તાારની હદમાં આવેલી કામગીરીની દરેક સાઈટ પર કામ કરનાર મજૂર, કડિયા કે કારીગરની નોંધણી કરવાની ફરજીયાત છે. તેમની સંપૂર્ણ વિગતો નિયમિત રીતે પોલીસ સ્ટે?શનમાં જણાવવાની રહેશે. તા. ૦૬-૧૦-૨૦૨૧ સુધી અમલી આ ફરમાનનો ભંગ કરનાર શિક્ષાપાત્ર થશે એમ જાહેરનામામાં ફરમાવાયું છે.

# વાહનની પસંદગીના નંબર માટે ઓનલાઇન ઓક્શનમાં અરજી તા. ૦૧ થી ૦૪ સપ્ટેમ્બર દરમિયાન કરી શકાશે

ગાંધીનગર

એ.આર.ટી.ઓ,, કચેરી દ્વારા ટુ-વ્હીલર વાહનો માટે નવી સીરીઝ પ્ત્ત ૧૮ – હ્વસ-0001 થી ૯૯૯૯ નું ઓકશન કરવામાં આવશે. આ ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૦૧ થી ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન કરી શકાશે. તેમજ ઇ-ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો તા. ૦૫ થી ૦૭ મી સપ્ટેમ્બર, ૨૦૨૧ને રાત્રિના ૧૨.૦૦ કલાક સુધી રહેશે, તેવું સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

સહાયર પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ વધુમાં જણાવ્યું છે કે, ઓનલાઇન ઓકશનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. અરજદારને વેબસાઇટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતોવખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે. આ ઉમેરો રુપિયા ૧ હજારના ગુણાંકમાં વધારવાનો રહેશે. વધુમાં જણાવ્યું છે કે, ઓનલાઇન ઓક્શનમાં ભાગ લેનાર અરજદારની જવાબદારીઓ-ઓનલાઈન ઓક્શનમાં ભાગ લેનાર અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે. આ માટે http://vahan.parivahan.gov.in/fany/ પર નોંધણી, યુઝર આઇ.ડી.પાસવર્ડ તૈયાર કરવાનો રહેશે. તેમજવેબસાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબરમેળવવો.આ માટેની વિગતવાર સૂચનાઓ APPENDIX-A ઉપર આપવામાં આવી છે. (જે કચેરીના નોટીસબોર્ડ અને રજીસ્ટ્રેશન શાખામાં રૂબરૂ જોવા મળશે.)ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલર માટે સિલ્વર નંબર તથા ગોલ્ડન નંબર માટે જરૂરી (Base price) ચુકવવાની રહેશે. હરાજીની પ્રકિયામાં સફળ થયેલ અરજદારને સફળ ગણી બાકીના નાણાં-દિન ૫ (પાંચ)માં જમા કરવાના રહેશે. જો આ નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તોરકમ (Base price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાવવામાં આવશે. ઓનલાઈન ઓકશનદરમ્યાન અરજદારે આરબીઆઇ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરાજીમાં નિષ્ફળ ગયેલા અરજદારને પરત નાણાંની ચૂકવણી હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના રહેશે. એટલે કે, Net Banding, credit/ Debit card થી ચુકવણું કર્યું હશે તો તે જ Mode થી નાણાં અરજદારના ખાતામાં SBI-epayદ્વારા પરતકરવામાં આવશે.

# ભંગારનો ધંધો અને ફેરી કરનારે પોતાની સંપૂર્ણ વિગતો પોલીસ સ્ટેઈશને જણાવવી

અમદાવાદ ગ્રામ્યે જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો અને ભંગારની ફેરી કરનારે પોતાના કાર્યક્ષેત્રેની અને પોતાની સંપૂર્ણ વિગતો અસરકર્તા પોલીસ સ્ટેૌશને જણાવવાની રહેશે એમ અધિક જિલ્લાક મેજીસ્ટ્રેટશ્રીએ જાહેરનામામાં જણાવ્યુંત છે.

અમદાવાદ જિલ્લીમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઇ.ડી.સી., વિરમગામ જી.આઇ.ડી.સી., અસલાલી, ચાંગોદર અને બાવળા જી.આઇ.ડી.સી. ખાતે તેમજ જિલ્લા ગ્રામ્યે વિસ્તગરોમાં ભંગારનો ધંધો કરતા તેમજ ભંગારની ફેરી કરનારે પોતાના વતન તેમજ ધંધા સ્થસળનું પોલીસ ક્લીયન્સ. સર્ટી. મેળવી રાખવુ પડશે. ધંધા સાથે કામકાજ કરનાર તમામના સર્ટી રાખવા તેમજ તમામની સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેભશને જણાવવાની રહેશે.

જેમની પાસેથી ભંગાર ખરીદે તેની ઓળખ વિગત સાથેની માહિતીનું નિયત રજીસ્ટાર ફરજિયાત નિભાવવુ પડશે તેમાં વેચનારની સંપૂર્ણ વિગતો સંપર્ક સાથે સામેલ કરવાની રહેશે.
ભંગાર લે – વેચના સામાનમાં જો કોઇ ગેરરીતિ કે શંકાસ્પદ મુદ્દામાલ જણાય તો તરત જ નજીકના પોલીસ સ્ટેંશને તેની જાણ કરવાની રહેશે.

ભંગારવાળા પાસે જો કોઇ વાહન વેચવા આવે તો વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદી કરવી નહીં. આવા વાહનોના એન્જીન તથા ચેસીસ નંબર અને રજીસ્ટ્રે શન સાથેની માહિતી તાત્કાકલિક પોલીસ સ્ટેશને જણાવવાની રહેશે.

# અમદાવાદ જિલ્લાની તમામ હોટલો અને ગેસ્ટન હાઉસમાં રજીસ્ટઈરો નિભાવવા આદેશ

અમદાવાદ જિલ્લાનની ગ્રામ્યગ વિસ્તાઉરની હદમાં આવેલ હોટલો, ઢાબા, ગેસ્ટ હાઉસના માલિકોને નિયત કરેલા રજીસ્ટ્રો નિયમિત નિભાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ શ્રી પી.બી.પંડ્યાએ આદેશ ફરમાવ્યો છે. જાહેર સલામતી અને સાવચેતીના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા.ના સમગ્ર વિસ્તાોરમાં હોટલો અને ગેસ્ટસ હાઉસો, કોલ સેન્ટદર, સાયબરકાફે અને પી.સી.ઓ.નો ઉપયોગ કરનાર તમામ મુસાફરો અને ઉપભોગતાની સંપૂર્ણ વિગતો નિયત કરેલા રજીસ્ટેરોરમાં નિયમિત નિભાવવાનો આદેશ કરવામાં આવ્યોત છે.

આ સાથે કામગીરી કરનાર સમગ્ર સ્ટીફ તેમજ માલિક મેનેજરની પણ સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધિત સબડિવિઝનલ મેજિસ્ટ્રે ટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રે ટને ફરજિયાત આપવાની રહેશે. તા. ૦૬-૧૦-૨૦૨૧ સુધી અમલી આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાપાત્ર ઠરશે એમ જાહેરનામામાં જણાવાયું છે.



પિતામાં રાવલ પારિવારિક લઘુરુદ્ર.ગંગેશ્વર મહાદેવ.નારાયણ નગર રોડ શંકર આશ્રમ સામે. અમદાવાદ.અમારા પરિવાર નિલેશ રાવલની પુત્રી ભૂમિ તેમજ યશકુમાર બિપીનભાઈ રાવલ ના યજમાન પદે મહાદેવ મંદિર માં સંપન્ન.

# માલપુર જીતપુર ગામના એક જ કુટુંબના સગીર યુવક-યુવતીની વિશ્વકર્મા મંદિર નજીક લટકતી લાશ મળી આવતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં લટકતી લાશો મળી આવવાનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે માલપુર જીતપુર ગામના એક જ કુટુંબના ૧૭ વર્ષીય સગીર અને ૧૫ વર્ષીય સગીરાની ગામના વિશ્વકર્મા મંદિર પાસે ઝાડ પર દુપટ્ટા સાથે ગળેફાંસો ખાધેલી હાલતાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી છે મૃતકના પરિવારજનો અને લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા સગીર-સગીરાની ઝાડ સાથે લટકતી હાલતમાં મૃતદેહના પગલે માલપુર પીઆઈ એફ.એલ.રાઠોડ પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી બંનેની લાશને ઉતારી પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે સગીર યુવક-યુવતીની આત્મહત્યા કે હત્યા કારણ જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે મૃતક સગીર-સગીરા એક જ કુટુંબના હોવાથી લોકોમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે

કહેવાય છે પ્રેમ આંધળો છે, વ્યક્તિ એક વાર પ્રેમમાં પડ્યા પછી તેને દુનિયાદારીની કોઇ પરવા હોતી નથી. આજકાલ યંગસ્ટર્સ પ્રેમ તો પડી જાય છે, પરંતુ જ્યારે પ્રેમમાં નિષ્ફળતા મળે કે સમાજ વાંધો ઉઠાવે ત્યારે સંઘર્ષ કરવાના બદલે તેઓ જીવન ટૂંકાવવાનો નિર્ણય લે છે

પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત માહીતી અનુસાર માલપુર તાલુકાના જીતપુર ગામના ૧૭ વર્ષીય અલ્પેશ હરિભાઈ માળીવાડ અને ૧૫ વર્ષીય તુલસી ઉર્ફે લક્ષ્મી રાજુભાઈ મારીવાડનો ગામ નજીક આવેલ વિશ્વકર્મા મંદિર નજીક ઝાડ સાથે દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશો લટકતી હોવાની પરિવારજનો અને લોકોને જાણ થતા ટોળેટોળા ઉમટ્યા હતા મૃતક બંને એક જ પરિવારના હોવાથી મામલો ચર્ચાસ્પદ બન્યો હતો જીતપુર ગામ નજીક સગીર-સગીરાનો મૃતદેહ લટકતો હોવાની પોલીસને જાણ કરતા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમીક તપાસ હાથધરી હતી મૃતક સગીર-સગીરાની ઝાડ પર લટકતી લાશ ઉતારી પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



અમદાવાદ માહિતી કચેરીમાં ફરજ બજાવતા શ્રી અમિત સિંહ ચૌહાણ નુ કોરોનાની સંવેદનશીલ અને અતિગંભીર મહામારીમા શ્રેષ્ઠ અને સરાહનીય કામગીરી બદલ અમદાવાદ જિલ્લા પ્રશાસન દ્વારા ૭૫માં સ્વાતંત્રતા પર્વની દસ્ક્રોઇ ખાતેની ઉજવણીમાં રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયના મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેના હસ્તે ×કોરોના વોરિયર× તરીકે નું સન્માન કરવામાં આવ્યું.

અત્રે નોંધનીય બાબત છે કે,શ્રી અમિત સિંહ ચૌહાણે કોરોનાની પ્રથમ લહેર અને અતિ ઘાતક એવી બીજી લહેરમાં ખડેપગે જીવના જોખમે સિવિલ મેડીસીટી તેમજ અમદાવાદ શહેરની સોલા સિવિલ હોસ્પિટલ અને ધન્વંતરિ કોવિડ હોસ્પિટલમાં અત્યંત પ્રશંસનીય કામગીરી કરી હતી.

શ્રી અમિત સિંહે પ્રજાને નિયમિત પણે સરકાર શ્રી દ્વારા કોરોનામાં કરવામાં આવી રહેલી કામગીરી અને કોરોનાવોર્ડમાં સારવાર મેળવી રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓ ના પ્રતિભાવો, કોરોનામાંથી સાજા થઈને પરત ફરતાં દર્દીઓના પ્રતિભાવોથી સજાગ કર્યા હતા.

તેઓએ અનેક રસપ્રદ સક્સેસ સ્ટોરી લખીને પ્રજાને કોરોનાની અફવાઓથી દૂર રાખવાના પ્રયત્નો કર્યા હતા. અને સાચી વસ્તુ થી તેઓએ લોકોને માહિતગાર કર્યા છે.

## અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં

# પેટ્રોલ પંપો-હોટલો-ટોલ પ્લાઝા તથા જાહેર સ્થળોએ રેકોર્ડીંગ સીસ્ટમ સાથે સીસીટીવી કેમેરા રાખવા ફરજિયાત

અમદાવાદ શહેરમાં ચોરી લૂંટ- બોંબ ધડાકા જેવી ઘટનાઓ આચરી જાનહાની તથા મિલ્કતોને હાનિં પહોંચાડનારા તત્વો આવી અસામાજિક પ્રવૃત્તિ આચર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ પર બળતણ ભરાવવા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા કે જમવા રોકાતા હોય છે. અવા ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો, તેમજ જાહેર અવર જવર વાળા સ્થળોએ સીસીટીવી કેમેરા ( નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવા જરૂરી છે. સાથે સાથે ગુનેગારો દ્વારા ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરુધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મુકી શકાય તે માટે અમદાવાદ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પરિમલ પંડ્યાએ એક જાહેરનામા દ્વારા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવા ફરજિયાત બનાવ્યા છે.

આ જાહેરનામા અન્વયે અમદાવાદ જિલ્લાના મહેસૂલી વિસ્તારની હકૂમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપો, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથી ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડ વાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાઝાના માલિકો ઉપભોકતા/ વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં મુકવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામામો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ હુકમ તા-૬/૧૦/૨૦૨૧ સુધી અમલમાં રહેશે

# ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં થયેલી કામગીરીની અંગેની સમીક્ષા બેઠક યોજાઇ

## ગાંધીનગર જિલ્લામાં પાણી સંગ્રહ થતો હોય તેવા ૪ હજાર કરતા વધુ સ્થળો ખાતે ગપી ફીશ મુકાઇ

ગાંધીનગરઃ

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં થયેલી કામગીરી અંગેની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની ઋતુને ધ્યાને લઇ આગામી સમયમાં વાહજન્ય રોગો જેવા મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા રોગો નિયંત્રણમાં રહે તે માટે ખાસ તકેદારી રાખવા માટે આરોગ્ય તંત્રને ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ખાનગ લેબોરેટરીમાં નોંધતા મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા કેસોનું નિયમિત રીપોર્ટીંગ કરવા પણ જણાવ્યું હતું. તે ઉપરાંત મેલેરિયાઅને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સ કરવા પર ખાસ ભાર મુક્યો હતો. તેમજ સર્વેલન્સ થયા બાદ તેનું ક્રોસચેકીંગ પણ કરવા માટે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. કલેકટરશ્રીએ ઝુંપડી વિસ્તાર સહિત તમામ વિસ્તારોમાં પોરોનાશક કામગીરી નિયમિત હાથ ઘરી તેનું સુપરવિઝન સુચારું કરવા માટે જણાવ્યું હતું. કેવી રીતે મચ્છરજન્ય રોગો ફેલાય છે, મચ્છરજન્ય રોગોથી બચવા શું શું તકેદારી રાખવી જોઇએ જેવી બાબતોની લોક જાગૃત્તિ કેળવાય તે માટે યોગ્ય પ્રચાર – પ્રસાર કરવા માટે પણ જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ તા. ૧૯, ૨૧, ૨૩ અને ૨૫મી ઓગસ્ટ ના દિવસે વેક્ટર બોર્ન ડિશીસ સ્પેશ્યિલ ડ્રાઇવ યોજીને હોટલ- રેસ્ટોરન્ટ, શૈક્ષણિક સંસ્થાઓ, કન્સ્ટ્રકશન સાઇટ, હોસ્પિટલ- દવાખાના અને ઔધોગિક વસાહત નું સમયાંતરે ચેકીંગ કરવા જણાવ્યું હતું.

તેમજ હાઉસ ટુ હાઉસ એબેટ કામગીરીનું પણ સુચારું આયોજન કરવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ તમામ કન્સ્ટ્રકશન સાઇટ, ટાયરવાળા તથા ઔધોગિક વિસ્તારોની ખાસ મુલાકાત લઇ મચ્છર જન્ય બ્રેડિંગ જોવા મળે તો નોટીસ આપવી. બીજી મુલાકાત દરમ્યાન પણ આ પરિસ્થિત જોવા મળે તો નોટીસ પાઠવી દંડનીય કાર્યવાહી કરવા પણ ખાસ જણાવ્યું હતું. ઉપલબ્ધ મચ્છરદાની જંતુનાશક દવાયુક્ત થાય તથા કરેલી કામગીરીનું સુપરવિઝન મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઇઝર દ્વારા યોગ્ય રીતે થાય તે અંગેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા મેલેરિયા અધિકારી શ્રી ડૉ. મુકેશભાઇ પટેલ દ્વારા જિલ્લામાં રાષ્ટ્રીય વાહકજન્ય રોગ અંતર્ગત થયેલી અંતિત જુલાઇ સુધીની વિવિધ વિગતો આપતું પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં અત્યાર સુધી વાહકજન્ય રોગોના કેસો કેટલા છે, હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરીજેવી વિગતો રજૂ કરવામાં આવી હતી. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં તળાવ, મોટા ખાડા કે જયા પાણીનો સંગ્રહ રહે છે તેવા ૪૩૯૮ સ્થળો ખાતે ગપીફીશ મુકવામાં આવી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૪૪૨, દહેગામ તાલુકામાં ૩૫૧, કલોલ તાલુકામાં ૩૧૨, માણસા તાલુકામાં ૨૨૧૩ અને શહેરી વિસ્તારમાં ૮૦ સ્થળો ખાતે આ ગપી ફીશ મુકવામાં આવી છે. આ બેઠકમાં તાલુકા હેલ્થ અધિકારી, જિલ્લા સર્વેલન્સ અધિકારીઓ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં

# ગોડાઉનોમાં સલામતી માટે સિક્યુરીટી ગાર્ડ રાખી તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનોમાં જાણ કરવી ફરજિયાત

અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી. સાણંદ, ચંગોદર, ધોળકા, વિરમગામ ટાઉન, બોપલ વગેરે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટા ગોડાઉન આવેલા છે. આ કાર્યરત ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરતા મોટા ભાગના પ્રરપ્રાંતના ઈસમો હોય છે.જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાંથે સંકળાયેલા છે.આ ગોડાઉનો પર વોચમેનોની સંખ્યા નહિવત હોવાના કારણે ચોરી- લૂંટ તથા ધાડ જેવી ઘટનાઓ બનતી હોય છે. આવી ઘટનાઓ અટકાવવા આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને બહારથી લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાક્ટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવા જરૂરી હોઈ અમદાવાદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પરિમલ પંડ્યાએ એક હુકમ બહાર પાડી કેટલીક બાબતોની અમલવારી કરવા જણાવ્યું છે.

ઉપરોક્ત વિસ્તારમાં ગોડાઉનોમાં સલામતી માટે સિક્યુરીટી ગાર્ડ ( વોચમેન) રાખવા તથા તેની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનોમાં જાણ કરવા ફરજિયાત બનાવ્યું છે. તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધારાવતા સીસીટીવી કેમેરા ફરજિયાતપણે લગાવવા અને તેનું ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવા પણ ફરજિયાત બનાવ્યું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમા ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામામો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ હુકમ તા-૬/૧૦/૨૦૨૧ સુધી અમલમાં રહેશે

# PNR સોસાયટી,ભાવનગર આયોજિત રાજ્યકક્ષાના ICT એવોર્ડ -૨૦૨૧ માં સન્માનિત ચૌહાણ નિરવભાઈ ગૌતમભાઇ



શ્રી મોટાસુરકા પ્રાથમિક શાળા, ગણિત-વિજ્ઞાનના શિક્ષક અનu ICT ક્ષેત્રે વિદ્યાર્થીઓને સતત જ્ઞાન, ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપીને ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. આ ઉપરાંત એજ્યુકેશન ક્ષેત્રમાં વિવિધ ટેકનોલોજીના માધ્યમથી વિદ્યાર્થીઓને કોરોના કાળમાં અપાયેલા ડિજિટલ શિક્ષણ,ઈ-Content નિર્માણ, શૈક્ષણિક Youtube ચેનલ, GIF ફાઈલ, PPT, FLIPBOOK, Application, એનિમેશન વીડિયો બનાવીને ખુબજ સરાહનીય કાર્ય કરીને વિદ્યાર્થીઓને સતત અભ્યાસલક્ષી પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે.આ રાજય કક્ષાના એવોર્ડમાં કુલ ૮ શિક્ષકમિત્રોનો સમાવેશ થયેલો હતો..

તેમાંથી નિરવભાઈ ગૌતમભાઈ ચૌહાણ ને IC ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ સન્માન પ્રાપ્ત થયું છે. ભાવનગર જિલ્લાનું અને ગુજરાતનું ગૌરવ વધારેલ છે. આ તકે તમામ શિક્ષકમિત્રો, વાલીઓ, વિદ્યાર્થીઓ, સ્નેહીજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

## સંયુક્ત રાષ્ટ્રસંઘ અને વૈશ્વિક શક્તિઓ અફઘાનિસ્તાનમાં હસ્તક્ષેપ કરીને પોતાની ફરજ બજાવે - આચાર્ય લોકેશજી

# આચાર્ય લોકેશજીએ તાલિબાનનો અફઘાનિસ્તાન પર કબજો અને ધાર્મિક કટ્ટરતા આધારિત વેબીનારને સંબોધન કર્યું



અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક શાંતિદૂત આચાર્ય લોકેશજીએ ટી. એન. સી ન્યૂઝ દ્વારા આયોજિત ×તાલિબાનનો અફઘાનિસ્તાન ર કબજો અને ધાર્મિક કટ્ટરતા× પર આધારિત વેબીનારને સંબોધિત કર્યું. આ વેબીનારમાં હિંદુ ધર્માચાર્ય સ્વામી દીપાંકર, મુફ્તી મંજૂર જિયાઈ, બોદધ ભંતે, યુવાચાર્ય સ્વામી અભયદાસજીએ અફઘાનિસ્તાનની રાજધાની કબુલમાં થઈ રહી અફરાતફરી વિશે પોતાના વિચારો રજૂ કર્યા. અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક શાંતિદૂત આચાર્ય લોકેશજીએ કહ્યું કે અફઘાનિસ્તાનનાં લોકો અને મહિલાઓ પર તાલિબાન દ્વારા અત્યાચાર ન થવો જોઈએ અને માનવ અધિકારોથી કોઈ પણ વંચિત ન રહેવું જોઈએ. એમણે જણાવ્યું કે ધર્મ એ હિંસા, ધૃણા, આતંક, શોષણ અને અશાંતી નથી શીખવતું પરંતુ એનો આધાર તો દરેક પ્રત્યે અહિંસા, શાંતિ, સદભાવના અને કરુણા છે, વળી ધર્મનાં માધ્યમ દ્વારા જ માનવતાને જાગૃત કરી શકાય છે. તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રસંઘ અને વૈશ્વિક શક્તિઓને અફઘાનિસ્તાનમાં હસ્તક્ષેપ કરીને ત્યાં વસતા લોકો અને સ્ત્રીઓની સુરક્ષા માટે માનવધિકારો ઘડવવામાં મદદરૂપ બને. હિંદુ ધર્માચાર્ય સ્વામી દીપાંકરજીએ કહ્યું કે અફઘાનિસ્તાનનાં સોશિયલ મીડિયા પર જેવા પ્રકારનાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે તે અત્યંત ચિંતાજનક છે, ત્યાં રહેતા નાગરિકો અફઘાનિસ્તાન છોડવા માંગે છે કારણ કે લોકોને તાલિબાનનાં ક્રૂર શાસન, ત્યાં રહેતી મહિલાઓની સ્વાતંત્ર્યતા છીનવાય જશે તેનો ભય છે. કાબુલનાં નાના ગામડાઓમાં વસતા લોકો સારી સુરક્ષા વ્યવસ્થા મેળવવા માટે શહેરોનાં રસ્તાઓમાં આવીને સંતાય ગયા છે. તેમણે જણાવ્યું કે ધાર્મિક કટ્ટરતાનાં નામે નાગરિકોની સ્વતંત્રાતા છીનવી એ માનવ અધિકારોને નષ્ટ કરવા જેવી બાબત છે. મુસ્લિમ ધર્માચાર્ય અને આંતરરાષ્ટ્રીય સૂફી કારવાંનાં પ્રમુખ મુફ્તી મંજૂર જિયાઈજીએ કહ્યું કે વર્તમાન સમયમાં તાલિબાનનાં અફઘાનિસ્તાન પરનાં કબજા પછી કાબુલ એરપોર્ટ પર દેશ છોડી જનારાઓ માટેનાં લોકોની ભીડ ઘણી છે. ત્યાંની હાલત એટલી ખરાબ છે કે બેકાબુ ભીડ પર કાબુ મેળવવા માટે પણ ગોળીબાર કરવામાં આવી રહ્યા છે. જેમાં નિર્દોષ લોકોનાં મૃત્યુ થાય છે, જેમાં માનવ અધિકારોનો ઉલ્લંઘન થઈ રહ્યું છે.સંઘાકાયા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ બોધ ભંતેએ કહ્યું કે વિશ્વનાં તમામ દેશો અફઘાનિસ્તાનનાં લોકોની મદદે આવવું જોઈએ. યુવાચાર્ય સ્વામી અભયદાસજીએ ભારત સરકાર ને કહ્યું કે અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકોને ભારત પાછા લાવવા માટે જરૂરી પગલાં લેવા જોઈએ જેથી ભારતીય લોકો સુરક્ષિત પોતાના દેશમાં પહોંચી શકે. આ વેબીનારનું સંચાલન શ્રી રાજીવ મલ્હોત્રાએ તમામ અતિથીઓનું સ્વાગત કરીને તેમનાં વિચારોને ટી. એન. સી. ન્યૂઝ ચેનલ દ્વારા જન જન સુધી પહોંચાડવામાં સહયોગી ભૂમિકા ભજવી.

# ધનસુરામાં ૧૫મી ઓગષ્ટ શહીદોના નામે વૃક્ષારોપણ કરી ઉજવી...



જન જાગૃતિ કેળવણી મંડળ દ્વારા ૭૫માં આઝાદીના અમૃત પર્વની ઉજવણી ધનસુરા ખાતે શહીદો અને કોરોના વોરિયર્સના નામે વૃક્ષારોપણ કરીને કરવામાં આવી. જેમાં ધનસુરા ભાજપ સંગઠનના હોદ્દેદારો પ્રમુખ જગદીશ ભાઈ ગોર, મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ અનું. જાતિ. મોરચા પ્રમુખ અમૃતભાઈ રાઠોડ અને પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલે વૃક્ષારોપણ કર્યું હતું.

જન જાગૃતિ કેળવણી મંડળ તરફથી ૭૫ વૃક્ષો અને ટ્રી ગાર્ડ વિનામૂલ્યે આપી એનું રક્ષણ કરવા પ્રમુખ ડૉ. એચ. કે. સોલંકીએ જણાવ્યું હતું.આ પ્રસંગે ડૉ. આર. એન. પરમાર, વિનુભાઈ અને કનુભાઈ ભાંભી વગેરેએ હાજર રહી શહીદોને શ્રદ્ધાંજલિ રૂપે એક એક વૃક્ષ વાવ્યું હતું.વૃંદાવન સોસાયટીના મુખ્ય માર્ગ પર ટ્રી ગાર્ડ સાથે વૃક્ષો રોપી એની જવાબદારી પ્રદીપ, ચિરાગ અને તેજસ વગેરે યુવાનોને રાષ્ટ્રીય ભાવના કેળવાય તે હેતુથી સોંપવામાં આવી હતી. ધનસુરા બારગામના પ્રમુખ જે. એસ. પ્રિયદર્શી અને મોડાસા રોહિત સમાજના મંત્રી જે. ડી. પરમારે પણ વૃક્ષો રોપ્યા હતા.મંડળે અરવલ્લીમાં ૧૧૧૧ વૃક્ષો વાવવાના સંકલ્પ લીધા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.